**આજનો સુવિચાર**

સફળતાનું કોઈ રહસ્ય હોતું નથી, તે ફક્ત ઘણો વધારે પરિશ્રમ જ ઈચ્છે છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૭૦ જૂનાગઢ તા.૨૬-૧૦-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 270, Junagadh : Date : 26 October, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## ગત મધરાત્રીનાં ઈરાનનાં લશ્કરી મથકો પર ઈઝરાયેલે હુમલો કર્યો : બદલાની કાર્યવાહી



તેલઅવીવ તા. ૨૬

ગત તા.૭ ઓક્ટોબરે ઈરાને ઈઝરાયેલના પાટનગર તેલઅવીવ સહિતના શહેરો પર કરેલા મિસાઈલ હુમલાનો જવાબ આપતા ગત મધરાત્રીના ઈઝરાયેલના દળોએ ઈરાન, સીરીયા, યમન સહિતના ક્ષેત્રમાં ત્રણ સ્તરના હવાઈ હુમલા કરી તહેરાન સહિતના ઈરાનના શહેરોમાં લશ્કરી મથકોને નિશાન બનાવીને મિસાઈલ હુમલો કર્યો હતો.

ઈઝરાયેલ એરફોર્સના અન્ડરગ્રાઉન્ડ કમાન્ડ સેન્ટર હવાઈદળ દ્વારા આ મિસાઈલ દાગવામાં આવ્યા હતા અને તહેરાન સહિતના શહેરો હવાઈ હુમલાની સાયરનથી ગુંજી ઉઠયા હતા. ઈરાને તેની એરડિફેન્સ સીસ્ટમને સાબદી કરી હતી પરંતુ તે પુર્વે ઈઝરાયેલના હવાઈદળના વિમાનો સલામત પરત આવી ગયા હતા.

ઈઝરાયેલએ આ હુમલામાં એફ ૩૫ અને ફાઈટર જેટના ૧૦૦ લડાયક વિમાનોને રાત્રીના ખૂબજ સતર્કતાથી ૨૦૦૦ કિમી દુર રહેલા ઈરાનને ટાર્ગેટ કર્યુ હતું. જો કે આ હુમલામાં ઈરાન અને તેની આસપાસ આ દેશની મદદથી ખડકાયેલા લશ્કરી મથકોને જ નિશાન બનાવ્યા હતા પરંતુ અગાઉ ધમકી આપી હતી તેમ ઈરાનના તેલક્ષેત્ર કે પરમાણુ કેન્દ્રને નિશાન બનાવાયા ન હતા. ઈઝરાયેલએ અગાઉ તેના પર થયેલા ઈરાનના હુમલા બાદ તુર્તજ જાહેર કર્યુ કે અમો બદલો લેશું અને સમય-સ્થળ અમો પસંદ કરશું અગાઉ ૧ ઓકટોબરમાં ૨૦૦થી વધુ મીસાઈલ ઈઝરાયેલ પર દાગ્યા હતા. ઈઝરાયેલના સૈન્યએ એક પોસ્ટમાં જણાવ્યું કે અમારા માટે જે ખતરો બની શકતા હતા તે લશ્કરી મથકોને નિશાન બનાવાયા છે.

ઈઝરાયેલની સેનાએ પાડોશી સીરીયામાં પણ કેટલાક લશ્કરી મથકો પર હુમલા કર્યા હતા. ઈઝરાયેલ દ્વારા ચીફ ઓફ સ્ટાફ જનરલ હરમી હવેલી, ઈઝરાયેલની વાયુસેનાના કમાન્ડીંગ ઓફીસર ટોમર બાદની એક તસ્વીર રીલીઝ કરી તેમાં અન્ડરગ્રાઉન્ડ કમાન્ડ સેન્ટરમાંથી સમગ્ર હુમલાનું સંચાલન કરતા હતા તે દર્શાવ્યુ છે. તો તેલઅવીવમાં સલામત સ્થળે વડાપ્રધાન શ્રી બેન્જામીન નેતાન્યાહુ અને તેની વોર કેબીનેટ પણ હુમલાના દ્રશ્યો નિહાળ્યા હતા. મધરાત્રીનાં ૨.૦૦ વાગ્યે આ હુમલો થયો અને ગણતરીની મીનીટોમાં પૂર્ણ કરી દેવામાં આવ્યો હતો.

તમામ ઈઝરાયેલ ફાઈટર વિમાનો તેમના મથક પર સલામત પરત ફર્યા હતા. આ હુમલાના પગલે ઈરાનમાં મહતમ હવાઈ એલર્ટ જાહેર કર્યુ છે અને નાગરિક વિમાની સેવાઓ ૨દ કરી છે. ઈરાનની સમાચાર એજન્સીએ જાહેર કર્યુ કે તહેરાન અને તેના પશ્ચિમમાં તથા દક્ષિણ-પશ્ચિમના અનેક સૈન્ય મથકોને નિશાન બનાવાયા છે અને લગભગ ૧૦ મીનીટ સુધી જોરદાર ધમાકાના અવાજ આવ્યા હતા. સીરીયાએ પણ તેના સૈન્ય મથકો પર હુમલાનો સ્વીકાર કર્યો છે.

## ઐસા ભી હોતા હૈ ચોરાયેલી ભેંસનું પોલીસે ઓળખપત્ર માંગ્યું

હરદોઈ, તા.૨૬

એક ભારે અજીબોગરીબ કિસ્સો હરદોઈના ટીડિયાવાં પોલીસ સ્ટેશનમાંથી સામે આવ્યો છે. આ વિસ્તારમાં રહેતા એક યુવકની ભેંસ ચોરી થઈ ગઈ. જ્યારે આ શખ્સે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ લખાવવા માટે પહોંચ્યો તો, પોલીસ અધિકારીએ ભેંસનું આઈડી કાર્ડ માગ્યું. તેમણે કહ્યું કે, 'જો આઈડી કાર્ડ નહીં હોય તો કેસ નોંધીશું નહીં.' ત્યાર બાદ કંટાળેલો યુવક આ કેસને લઈને એસપી પાસે મદદ માટે આવ્યો.

ટીડિયાવાંના રહેવાસી રંજીતે જણાવ્યું કે, તેનું ઘર હરિહરપુર પોલીસ ચોકી પાસે જ છે. ઘરની બહાર બનેલા ટીનના શેડમાં તેણે પોતાની ભેંસ બાંધી રાખી હતી. ૨૦ ઓક્ટોબરના રોજ રાતના સમયે ચોરે તેની ભેંસ છોડી નાખી અને લઈને ભાગી ગયા હતા. જ્યારે બીજા દિવસે તે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ લખાવવા પહોંચ્યો તો પોલીસકર્મીએ તેની પાસેથી ભેંસનું ઓળખાણ પત્ર માગ્યું. સાથે જ આધાર કાર્ડ લાવવા માટે કહ્યું.ભેંસનું આઈડી કાર્ડવાળા આ કેસે સૌ કોઈનું ધ્યાન ખેંચ્યું છે.

## દેશમાં ૨૦૨૫માં વસ્તી ગણતરી હાથ ધરાશે : રૂા. ૧૨૦૦૦ કરોડનો ખર્ચ થશે

નવી દિલ્હી,તા. ૨૬: સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પ્રથમ વખત કોવિડ -૧૯ ને કારણે ૨૦૨૧ માં વસ્તી ગણતરી સમયસર હાથ ધરવામાં આવી ન હતી. બીજા વિશ્વયુદ્ધ અને ચીન અને પાકિસ્તાન સાથેના યુદ્ધો દરમિયાન પણ વસ્તી ગણતરી અટકી ન હતી. ૨૦૧૧ માં છેલ્લી વસ્તી ગણતરી હાથ ધરવામાં આવ્યાના ૧૦ વર્ષ પછી ૨૦૨૧ માં વસ્તી ગણતરી હાથ ધરવાની હતી, પરંતુ કોવિડ ૧૯ રોગચાળાને કારણે તેને મુલતવી રાખવી પડી. બાદમાં તંત્ર લોકસભાની ચૂંટણીની તૈયારીઓમાં ફસાઈ જતાં ચૂંટણી બાદ વસ્તીગણતરી હાથ ધરાશે તેવું નક્કી કરાયું હતું. હવે સરકાર ૨૦૨૫માં વસ્તી ગણતરી કરવા જઈ રહી છે.

ભારતના રજિસ્ટ્રાર જનરલ અને સેન્સસ કમિશનર તરીકે સેવા આપતા મૃત્યુંજય કુમાર નારાયણની કેન્દ્રીય પ્રતિનિયુક્તિ ઓગસ્ટ ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેમના નેતૃત્વમાં જ દેશમાં વસ્તી ગણતરી હાથ ધરાશે તે સ્પષ્ટ થઈ ગયું છે. નારાયણ ૧૯૯૫ બેચના યુપી કેડરના અધિકારી છે.

## મહારાષ્ટ્રમાં ચૂંટણીપંચની ટીમે રૂા. ૧૩૯ કરોડનું સોનુ જપ્ત કર્યુ

પૂણે, તા.૨૬: મહારાષ્ટ્રમાં ચૂંટણીના માહોલ વચ્ચે પુણેમાં એક કાર્ગો કંપનીની વાનમાંથી ૧૩૮ કરોડ રૂપિયાના સોનાના દાગીના મળી આવ્યા છે. જાણકારી અનુસાર તેનું વજન ૪૩૭ કિલોથી વધુ છે. ચૂંટણી પંચ અને પુણે પોલીસે મળીને આ મોટી રિકવરી કરી છે. પુણેના કલેક્ટર અને ચૂંટણી અધિકારી સુહાસ દીવસે કહ્યુ કે આ માત્ર એક કેચ છે. સોનું જપ્ત કરવામાં આવ્યું નથી. તેમણે કહ્યું કે તે એક કંપનીની વાન હતી જે નિયમિતપણે ઘરેણાંનું પરિવહન કરે છે. તેની પાસે કાગળો પણ હતા. જોકે, આવકવેરા વિભાગ દસ્તાવેજોની તપાસ કરી રહ્યું છે. કલેક્ટરે કહ્યું કે, જો દસ્તાવેજો સાચા જણાશે તો દાગીના તેમને સોંપવામાં આવશે. જો તેમની પાસે સાચા કાગળો નહીં હોય તો તે જપ્ત કરવામાં આવશે. ૧૦ લાખથી વધુની કિંમતનો માલ અથવા ૧ કિલોથી વધુનું સોનું આવકવેરા વિભાગને સોંપવામાં આવે છે. તેમણે કહ્યું કે, ચૂંટણી દરમિયાન કોઈપણ પ્રકારની શંકાસ્પદ સામગ્રીની હિલચાલ પર બારીકાઈથી નજર રાખવામાં આવી રહી છે.

## મધ્યપ્રદેશમાં બનેલી ઘટના : પતિ સાથે પિકનીક પર ગયેલી પત્ની પર ગેંગરેપ : વિડીયો પણ બનાવ્યો

રિવા, તા.૨૬: મધ્ય પ્રદેશમાં પર્યટક સ્થળોમાં હવે પ્રવાસીઓ પણ સુરક્ષિત નથી.આવા સ્થળો પર મહિલા હિંસા અને ગેંગરેપની ઘટના વધી છે. એશિયામાં અલ્ટ્રા સોલર પ્લાન્ટ અને ભૈરવ બાબા માટે જાણીતું ગુઢ ગેંગરેપની ઘટનાથી હચમચી ઉઠ્યું છે. એક નવદંપત્તિને બંધક બનાવીને છ લોકોએ પરિણીતા પર ગેંગરેપ કર્યો હતો. ઉપરાંત ઘટનાનો વીડિયો બનાવી વાયરલ કરવાની ધમકી પણ આપી હતી.

રિવા જિલ્લાના ગુઢ સ્થિત પ્રવાસન સ્થળ ભૈરવ બાબામાં યુવા કપલ પિકનિક માટે આવ્યું હતું. આ દરમિયાન પાંચ અજાણ્યા લોકોએ કપલ સાથે મારપીટ કરી અને પતિને બંધક બનાવી લીધો અને વારાફરતી આરોપીએ યુવકની પત્ની સાથે દુષ્કર્મ કર્યું હતું.

પોલીસના કહેવા મુજબ, આરોપીઓ દ્વારા સમગ્ર ઘટનાનો વીડિયો બનાવી લેવામાં આવ્યો હતો અને પીડિત ફરિયાદ ન કરી શકે તે માટે વાયરલ કરવાની ધમકી આપી હતી. મંગળવારે ફરિયાદ નોંધાયા બાદ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

પીડિતાએ ૫ આરોપીઓ સામેલ હોવાનું નિવેદન આપ્યું હતું. પોલીસે ગેંગરેપની ઘટનામાં સામેલ ૫ આરોપીની ધરપકડ કરી હતી અને તેમની સાથે અન્ય કોણ કોણ હતું તેની તપાસ શરૂ કરી હતી.

## દિવાળી પૂર્વે રીયલ એસ્ટેટ ક્ષેત્રને મુખ્યમંત્રીની ભેટ નોન ટીપી વિસ્તારોમાં પ્રમિયમ ભરવામાંથી મુકિત

ગાંધીનગર,તા.૨૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ૮ શહેરો તથા ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારોમાં સમાવિષ્ટ નોન ટી.પી. વિસ્તારના જમીન ધારકોને હાલ ભરવા પડતા પ્રિમિયમમાં રાહત આપતો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

તદનુસાર, ડી-૧ કેટેગરીમાં આવતા અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા), ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ (ગુડા), સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા), વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) અને રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રુડા) ડી-૨ કેટેગરીમાં જુનાગઢ શહેરી વિકાસ સત્તામંડળ (જુડા), જામનગર શહેરી વિકાસ સત્તામંડળ (જાડા) અને ભાવનગર શહેરી વિકાસ સત્તામંડળ (ભાડા)ના વિસ્તારો ઉપરાંત ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારોમાં નોન ટી.પી. એરીયામાં ૪૦ ટકા કપાત બાદ કરીને ૬૦ ટકા જમીનનું પ્રિમિયમ વસુલ કરવામાં આવશે.

મુખ્યમંત્રીના આ નિર્ણયને પરિણામે રાજ્યના ડી-૧ અને ડી-૨ કેટેગરીના ૮ શહેરો અને ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારોમાં સમાવિષ્ટ નોન ટી.પી. વિસ્તારના જમીન ધારકોને કપાતમાં જતી જમીન ઉપર જે પ્રિમિયમ ભરવું પડતું હતું તેમાથી મુક્તિ મળશે અને માત્ર તેમની પાસે રહેનારા ૪૦ ટકા કપાતના ધોરણો પછીના સુચિત પ્લોટના અંતિમ ખંડના ક્ષેત્રફળ જેટલા જ વિસ્તારનું પ્રિમિયમ ભરવાનું રહેશે.

આ પ્રજાલક્ષી નિર્ણયથી નોન ટી.પી. વિસ્તારમાં ૪૦ ટકા કપાતની જમીનના ભરવાના થતા મહેસુલી પ્રિમિયમની રકમમાંથી મુક્તિ મળવાના કારણે બાંધકામ ક્ષેત્રે પ્રોપર્ટીની કિમતોમાં ઘટાડો થશે અને તેનો સીધો લાભ મધ્યમ વર્ગના લોકોને મળશે.

## દેશનાં સૌથી સમૃધ્ધ રાજયમાં મહારાષ્ટ્ર પ્રથમ : ગુજરાત ત્રીજા નંબરે

નવી દિલ્હી, તા.૨૬: ભારત આજે વિશ્વની ટોચની ૫ સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે, જેમાં દેશના ઘણા રાજ્યો અર્થતંત્રને વધારવામાં મોટો ફાળો આપી રહ્યા છે. આ યાદી દર વર્ષે જાહેર કરવામાં આવે છે, જેમાં રાજ્યો દ્વારા વિવિધ સ્તરે કરવામાં આવેલા વિકાસને ધ્યાનમાં રાખીને રેશિયોની ગણતરી કરવામાં આવે છે. જે બાદ દરેક રાજયની જીડીપી યાદી બહાર પાડવામાં આવે છે. આ યાદીમાં દર્શાવેલ કેટલાક રાજ્યોને જોઈને તમને કદાચ આંચકો નહીં લાગે, પરંતુ કેટલાક રાજ્યો એવા છે કે જેમણે તાજેતરના ભૂતકાળમાં ઘણો વિકાસ કર્યો છે. આ યાદીમાં ગુજરાત ત્રીજા સ્થાને છે, જેનું GSDP યોગદાન રૂ. ૨૭.૯ લાખ કરોડ છે. અર્થવ્યવસ્થાને ટેકો આપવા ઉપરાંત, આ સ્થળ પર્યટનમાં પણ ઘણું આગળ છે. આ રાજ્યમાં જોવા માટે ઘણું બધું છે.

દિપાવલીની હાર્દિક શુભેચ્છા...
ડો. પ્રતિક ડોબરીયા M.B. D.G.O.
સ્ત્રી રોગ નિષ્ણાંત અને લેપ્રોસ્કોપીક સર્જન
ડોબરીયા ગાયનેક હોસ્પિટલ
આયુષ્માન ભારત P.M.J.A.Y., માં, યોજના સંલગ્ન હોસ્પિટલ
PMJAY- MA યોજના અંતર્ગત મફત સારવાર
મેટરનીટી (પ્રસુતિ) / સોનોગ્રાફી/લેપ્રોસ્કોપી/ વંધત્વ (ઈન્ફર્ટીલીટી)
અક્ષર પ્લાઝા-૪ કોમ્પ્લેક્ષ, પહેલો માળ, બાયપાસ રોડ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ
એપોઈન્ટમેન્ટ મો. ૯૯૭૯૮ ૯૩૨૬૯

PALM GREENS CLUB & RESORT
Goblej, Nr. Bareja, Ahmedabad.
વન ડે પીકનીક • ગેટ ટુ ગેધર • રેઈનડાન્સ
કીડ્સ વોટરપાર્ક • વેવ પુલ • ડેસ્ટીનેશન વેડીંગ
AC રૂમ્સ / કોટેજીસ • કલબ મેમ્બરશીપ
W : www.palmgreensclub.com
E : mail@palmgreensclub.com
૯૮૨૪૦ ૫૩૩૩૩
૯૯૦૪૮ ૨૩૩૩૩

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ધમાકા એક્ષચેન્જ ઓફર
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે
PARDAWALA
બેડરૂમ સેટ / મોડ્યુલર કિચન / સોફા સેટ / ઓફીસ ફર્નિચર / આકર્ષિત પડદા / વોલપેપર
શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?
જો હા... તો હવે
જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.
સી.સી. પડદાવાલા
તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું • હળદર • ધાણાજીરૂ • ગરમ મસાલો

"Chiropratic"
ગરદન સંબંધિત માથાનો દુઃખાવો ઘટાડવામાં મદદ કરે છે. તમારી મુદ્રામાં સુધારો કરે છે. પીડા ઘટાડે છે અને તમારી કરોડરજ્જુ અને અન્ય સાંધાઓની ગતિની શ્રેણીમાં સુધારો કરે છે. અસ્થિવા જેવી ક્રોનિક સ્થિતિના લક્ષણો ઘટાડે છે. ગરદન અથવા કરોડરજ્જુની નાની ઇજાઓ, ખાસ કરીને વ્હીપ્લેશની સારવાર કરે છે.
"Tera- Herts"
ટેરાહાર્ટ્ઝ આવર્તન સામાન્ય શારીરિક કોષોની સમાન આવર્તન પર વાઈબ્રેટ કરે છે, તેથી તે તમારી રોગ પ્રતિકારક શકિતને વેગ આપે છે, કોષોમાં ચયાપચયની પ્રવૃતિમાં વધારો કરે છે, સેલ્યુલર ઓકિસજનેશનમાં વધારો કરે છે તેમજ રકત પ્રવાહમાં વધારા કરે છે.
"Kashya Therapy"
શરીરની ગરમી ઘટાડે છે. આંખોમાં થતી બળતરા મટાડે છે. રકત પરિભ્રમણ સુધારે છે.
"Accupressure"
ચોકકસ ચેતાને ઉત્તેજીત કરવાથી પીડાની સંવેદના ઘટાડવામાં મદદ મળી શકે છે. સંશોધકો એ પણ જોયુ કે એકયુપ્રેશર સ્ટ્રેસ હોર્મોન કોર્ટિસોલનું સ્તર ઘટાડે છે. તે એન્ડોર્ફિન્સનુ સ્તર પણ વધારે છે. જે રસાયણોનું સ્તર પણ વધારે છે. જે રસાયણો છે. જે મુડને વેગ આપે છે. અને પીડાના લાગણી ઘટાડે છે. છેલ્લે, એકયુપ્રેશર રકત પરિભ્રમણને સુધારી શકે છે.
KHUSHI WELNESS Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આજીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પલેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જુનાગઢ.

દિવાળીની હાર્દિક શુભેચ્છા....
એક્ટિવ ઓર્થોપેડિક હોસ્પિટલ
ડૉ. નિકુંજ ઠુંમર — જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડિક સર્જન — +૯૧ ૭૦૯૯૮૮૯૬૧૦
ડૉ. મૌલિક ભાલોડીયા — જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડિક સર્જન — +૯૧ ૭૦૯૯૮૯૬૯૧૦
માતૃત્વ વુમન્સ હૉસ્પિટલ DEDICATED TO WOMEN'S HEALTH
ડૉ. ઋજુલબેન ગજેરા ઠુંમર M.B.B.S., M.B.D.G.O. ગાયનેક (સ્ત્રી રોગ નિષ્ણાત)
સ્ત્રી રોગ, પ્રસુતિ તથા વંધ્યત્વ નિષ્ણાંત
+ ૯૧ ૭૦૧૬૪૨૨૯૮૦
આસ્થા કોમ્પલેક્ષ, કાકા કોમ્પ્લેક્ષની બાજુમાં, ઝાંસીની રાણીના પુતળાની સામે, સરદાર બાગ, જૂનાગઢ

# સંવેદનશીલ વેરાવળનું વાતાવરણ બગડે તેવું ફેસબુક લાઈવમાં ઉચ્ચારણ કરનાર સામે સીટી પોલીસ કાર્યવાહી કરવામાં લાજ કાઢે છે ? રજુઆત

**સામાજીક આગેવાનોએ કરેલ લેખિત ફરીયાદની અઢી માસથી સીટી પોલીસ માત્ર તપાસ કરી રહી હોવા અંગે રેંજ આઈજીને રૂબરૂ રજુઆત**



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૬

સંવેદનશીલ વેરાવળ શહેરના પોષ વિસ્તારમાં આવેલ એક મિલકતને લઈ ફેસબુક ઉપર લાઈવ કરી કોમી અશાંતિ પ્રસરે તેવા વિવાદાસ્પદ ઉચ્ચારણો કરી શહેર ની શાંતિ ને પલિતો ચાંપવાનો હિન પ્રયાસ કરનાર દિપક કક્કડ નામના ઈસમ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સામાજીક આગેવાનોએ કરેલ ચાર લેખિત ફરીયાદોની સીટી પોલીસ ગોકળગતિએ તપાસ કરી રહી છે. ત્યારે આજે વેરાવળ પોલીસ સ્ટેશનના વાર્ષિક ઈનસ્પેકશન અર્થે આવેલા રેંજ આઈજી નિલેશ જાંજડીયાની લોહાણા સમાજના પુર્વ ઉપપ્રમુખ રાકેશભાઈ દેવાણી,સામાજીક અગ્રણી અનિષ રાચ્છએ મુલાકાત લઈને સવિસ્તાર રજુઆત કરતા ખળભળાટ મચ્યો છે. શહેર પોલીસ ની કામગીરી ને લઈ ને પણ નારાજગી પ્રવર્તી હતી.

રેન્જ આઈ. જી ને રૂબરૂ રજુઆત માં આગેવાનો એ જણાવેલ કે, સંવેદનશીલ વેરાવળમાં અંબાજી મંદિર પાસે રહેતા એક વ્યક્તિએ કોરોના સમયે પોતાની માલિકીનું મકાન વેચાણ કરેલ હતુ. આ મુદ્દે ત્રણ માસ પુર્વે વેરાવળના દિપક કક્કડ નામના વિવાદાસ્પદ વ્યક્તિએ ફેસબુક લાઈવ કરીને આપત્તીજનક ઉચ્ચારણોનું ઉદબોધન કરી વિડીયો વાયરલ કરેલ હતો. આ વિવાદાસ્પદ વિડીયોને લઈ બે કોમ વચ્ચે ઉશ્કેરાટ અને વૈમનસ્ય ફેલાવવાની સાથે સંવેદનશીલ શહેરની શાંતિ અને કોમી એખલાસમાં વિક્ષેપ ઉભો થાય તેવી શકયતાઓ ઉભી થઈ હતી.

જેને લઈ ગત તા.૯-૦૮-૨૪ ના રોજ સામાજીક આગેવાનોએ શહેરની શાંતિ ડહોળવાનો પ્રયાસ કરનાર દિપક કક્કડ સામે કાર્યવાહી કરવા લેખીત ફરીયાદ કરી હતી. જેને આજે અઢી માસથી વધુ સમય વિતી જવા હોવા છતાં સીટી પોલીસે કાર્યવાહી કરવાના બદલે માત્ર તપાસ ચલાવી રહ્યા નું રટણ રહી છે. જો કે, આ ઘટનાના થોડા સમય બાદ સોશિયલ મિડીયામાં અન્ય એક ઘટના માં એક યુવકે કરેલ વિવાદાસ્પદ કોમેન્ટ અંગે મુસ્લીમ સમાજના આગેવાનોએ ફરીયાદ કરતા સીટી પોલીસે ત્વરીત ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. જેનો નકારાત્મક સંદેશ અસામાજીક તત્વોમાં જઈ રહ્યો હોય કાર્યવાહી થાય તે જરૂરી છે.

આ રજુઆત સંદર્ભે રેંજ આઈજી નિલેશ જાંજડીયાએ ઘટનાની સમગ્ર વિગતો જાણીને અરજદાર આગેવાનો ને ઝડપી અને ધોરણસરની કાર્યવાહી માટે બાંહેધરી આપી હતી બાદ માં શહેર પોલીસની આવી કામગીરી અંગે નારાજગી પણ વ્યક્ત કરી થાણા અધિકારી ને ત્વરિત કાર્યવાહી માટે તાકીદ કર્યા નું સુત્રો પાસેથી પણ જાણવા મળેલ છે.

# કેશોદ તાલુકાના ધ્રાબાવડ નજીકથી ચંદન ઘો નો શિકાર કરતા ચાર શિકારીઓ ઝડપાયા

જૂનાગઢ તા.૨૬

જૂનાગઢ જીલ્લામાં ગેરકાયદેસર રીતે થતા પશુપ્રાણીઓના શિકારને ડામવા માટે વનવિભાગ દ્વારા કાર્યવાહી કરવામાંઆવી રહી છે. આ દરમ્યાન સઘન પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું હતું અને કેશોદ તાલુકાના ધ્રાબાવડ ગામ નજીકથી ચંદન ઘોનો શિકાર કરતા ચાર શિકારીઓને વન વિભાગે ઝડપી લઈ તેઓના વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# સોમવારે રમા એકાદશી સાથે વાઘબારસથી દીપાવલીના મહાપર્વની શરૂઆત થશે

તા.૨૮-૧૦-૨૪ ને સોમવાર આસો વદ અગિયારસ ના દિવસે રમા એકાદશી છે રવિવારે અગિયારસ ની વૃદ્ધિ તીથી છે અને સોમવારે પણ અગિયારસ છે આથી પંચાંગ પ્રમાણે સોમવારે રમા એકાદશી છે સાથે આ દિવસે વાઘબારસ પણ છે આથી આ દિવસે રમા એકાદશી અને વાઘ બારસ બંને તહેવાર સાથે ઉજવાશે.

આ દિવસ થી દિપાવલી ના મહાપર્વની શરૂઆત થશે. રમા એકાદશીનું વ્રત કરવાથી એકાદશી ના નામ મુજબ લક્ષ્મી અને ધન ની તથા સુખ અને વૈભવની પ્રાપ્તિ થાય છે. રમા એકાદશીના દિવસે સવારે વહેલા ઉઠી અને નિત્ય કર્મ કરી ત્યારબાદ સૌપ્રથમ સૂર્યને અર્ધ્ય આપવું અને ત્યાર પછી આખા ઘરમાં ગંગા જળ છાંટવું અથવા તો ગૌમૂત્ર છાટવુ ઘરને પવિત્ર કરવુ ત્યારબાદ તુલસીની પૂજા કરવી અને એક બાજોઠ અથવા પાટલા ઉપર સફેદ વસ્ત્ર પાથરી તેની ઉપર ચોખા રાખી અને લક્ષ્મી-વિષ્ણુ ભગવાનની છબી રાખવી અને તેનું પૂજન કરવું. નૈવેદ્ય માં કેળા ખાસ ધરાવવા. ત્યારબાદ એકાદશીની કથા વાંચવી. બપોરના સમયે સૂવું નહિ, સાંજના ભગવાનનું કીર્તન કરવું, ઉપવાસ અથવા એકટાણું રહેવું. રાત્રીના ૧૨ વાગ્યા સુધીનું જાગરણ કરવું. રમા એકાદશી ની પૂજા સવારના પૂરી થાય એટલે ત્યારબાદ વાઘ બારસ માટે ગાય ની પૂજા કરવી. રમા એકાદશી ના દિવસથી અયોધ્યાવાસીઓને શ્રીરામ ભગવાન ના આવવાના સમાચાર મળેલા. આથી આ દિવસથી રંગોળી કરવાની શરૂઆત થયેલી. આમ રામ ભગવાનના સમય થી રમા એકાદશી ના દિવસ થી બેસતા વર્ષ સુધી લોકો રંગોળી કરે છે.

**સોમવારે વાઘબારસ મનાવાશે**

આસો વદ અગિયારસ ને સોમવાર તારીખ ૨૮ ઓક્ટોબર આ દિવસે સવાર ના ૭.૫૨ સુધી અગિયારસ તિથિ છે ત્યારબાદ આખો દિવસ રાત્રી બારસ તિથિ છે આથી દરેક પંચાંગ પ્રમાણે આ દિવસે વાઘબારસ છે.

આ દિવસે ગાયની પૂજાનું મહત્વ વધારે છે. એક માન્યતા પ્રમાણે આ દિવસે જ્યારે દેવતા અને દાનવો એ જ્યારે સમુદ્ર મંથન કરેલું ત્યારે કામધેનુ ગાય જે દિવસે નીકળેલ એ દિવસ વાઘ બારસ નો દિવસ હતો આથી આ દિવસે ગાય ની પૂજાનું મહત્વ વધારે છે ગાય તથા વાછરડા ને શણગાર કરવો, ઘાસ નાખવું, પ્રદક્ષિણા ફરવી.

આ દિવસે જો પતિ પત્ની બન્ને સાથે ભેગા મળી અને વિષ્ણુ-લક્ષ્મીજીનું પૂજન કરે તો દામ્પત્ય જીવન મા મીઠાશ આવે છે. જે લોકોને સંતાન થતા ન હોય તો આ દિવસે પતિ પત્ની બંનેએ ભેગા મળે ગાયને પૂજા કરવી તથા વિષ્ણુ ભગવાનની લક્ષ્મીજી સાથે પૂજા કરવી.

આ વર્ષે રમા એકાદશી તથા વાઘ બારસ બંને તહેવાર સાથે હોતા બંને તહેવારની પૂજા ઉપવાસ એકટાણુ કર્યાનું ફળ એક સાથે મળશે.

શ્રીકૃષ્ણ ભગવાનના જન્મ પછી આ જ દિવસે યશોદા માતાએ ભગવાનને ગાયના દર્શન કરાવેલા. આ દિવસે કોઈપણ મહિલા અથવા પુરૂષ પોતાના પરિવારની સુખ-શાંતિ માટે ઉપવાસ અથવા એકટાણું રહી શકે છે. ખાસ કરીને આ દિવસને વાક બારસ કહેવામાં આવે છે.

વાક નો એક અર્થ વાણી થાય છે પરંતુ આ શબ્દ થોડો બદલાય અને કાળક્રમે આ તહેવારનું નામ વાઘબારસ પડી ગયેલું પરંતુ આ દિવસે ખાસ કરીને સરસ્વતી માતાજીની પૂજા નું મહત્વ વધારે છે આથી આ દિવસે સરસ્વતી માતાજી ની પૂજા ખાસ કરવી. જૂની પરંપરા પ્રમાણે આ દિવસે વ્યાપારી લોકો પોતાનું જૂનું દેવું પૂરું કરે છે અને નવા વર્ષની શરૂઆત કરે છે આમ દેવું પૂરું કરવા માટે આ દિવસ શ્રેષ્ઠ ગણાય છે.

**(જ્યોતિષી રાજદીપ જોશી વેદાંત રત્ન)**

# ખંભાળિયા નગરપાલિકાના સફાઈ કામદારોની હડતાલ છઠ્ઠા દિવસમાં પ્રવેશી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬

ખંભાળિયા નગરપાલિકાના સફાઈ કામદારોના વિવિધ પડતર પ્રશ્નો અને માંગણીઓ મુદ્દે શાંત અને અહિંસક ચાલતી હડતાલ આજે છઠ્ઠા દિવસમાં પ્રવેશી છે. સફાઈ કામદારો દ્વારા છેલ્લા છ દિવસથી ચાલી રહેલી આ હડતાલના આટલા દિવસે પણ નગરપાલિકાના સત્તાધીશો સફાઈ કામદારોની હડતાલનું કોઈ ચોક્કસ નિરાકરણ લાવવાના બદલે ગુપ્ત રીતે સફાઈ કામદારોની ન્યાય અને સત્ય માંગણીઓ માટેની હડતાળને તોડી પાડવાના કથિત રીતે હિન કક્ષાના પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવાના આક્ષેપ સફાઈ કામદારોએ કરી, અને આ બાબતને દુ:ખદ ગણાવી છે. આગામી દિવસોમાં દિવાળીના ધાર્મિક તહેવારો આવી રહ્યા છે. ત્યારે નગરપાલિકાના સત્તાધીશોએ સફાઈ કામદારોની હડતાળનું સુખદ રીતે નિરાકરણ લાવે તેવું સફાઈ કામદારો ઈચ્છી રહ્યા છે. આ વચ્ચે સત્તાધીશો દ્વારા સફાઈ કામદારોની આ શાંત અને અહિંસક રીતે ચાલતી હડતાળને તોડી પાડવાના પ્રયાસો કરવામાં આવશો તો ના છૂટકે સફાઈ કામદારોની આ હડતાળને ઉગ્ર બનાવીને જલદ કાર્યક્રમો કરવાની ફરજ પડશે. તેવી ચીમકી સફાઈ કામદારોના નેતા રમેશ વાઘેલા દ્વારા આપવામાં આવી છે. જે અંગે ઉપસ્થિત થનારી પરિસ્થિતિની જવાબદારી સ્થાનિક તંત્રની રહેશે તેમ પણ



વધુમાં જણાવ્યું છે. જો કે આંદોલનમાં મુખ્ય માંગણીઓ જી.પી.એફ. અને ઈ.પી.એફ.ની રકમ ભરવી તથા અન્ય મુદ્દાઓ અંગે નગરપાલિકા દ્વારા કાર્યવાહી થઈ ચૂકી છે. પરંતુ સફાઈ કામદારો દ્વારા વધુ ૫૦ કર્મચારીઓની ભરતી કરવાના મુદ્દે મુખ્ય સંઘર્ષ હોવાનું કહેવાય છે. હાલમાં ૧૧૯ કર્મચારીઓ છે. ત્યારે વધુ નવા ૫૦ કર્મચારીઓની ભરતી કરવાનો નિર્ણય નગરપાલિકાના સદસ્યો દ્વારા સામાન્ય સભામાં લેવામાં આવે તો આર્થિક જવાબદારી તેમની ઉપસ્થિત થતા તેમની પાસે સરકાર દ્વારા રિકવરી કરવામાં આવે તેવું હોવાથી આ પ્રશ્ન હાલ મડાગાંઠ જેવો બની રહ્યો છે. ત્યારે દિવાળીના દિવસોમાં જ શહેરમાં ઉભરાતી ગટરો તેમજ ઠેર ઠેર જોવા મળતા ગંદકીના ગંજથી નગરજનો ત્રાહિમામ પોકારી ગયા છે.

# સોમનાથ ટ્રસ્ટ કર્મચારીઓના પગાર વધારા ઉપર થયા મંજુરીના સહી-સિક્કા

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૬

વિશ્વ પ્રસિધ્ધ ભારત બાર જ્યોર્તિલીંગ પ્રથમ સોમનાથ મહાદેવ મંદિરના કાયમી કર્મચારીઓના પગાર વધારવાની સેટલમેન્ટ માંગણી મંજુર થતા કર્મચારીઓમાં વહેલી દિવાળી આવ્યા જેવો હર્ષ છવાયો હતો. ભારતીય મજદુર સંઘ અને સોમનાથ ટ્રસ્ટ વચ્ચે થયેલી વાટાઘાટોને અંતે લોંગ ટર્મ આ માંગણીઓ ઉપર સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા અને ભારતીય મજદુર સંઘ તથા સોમનાથ ટ્રસ્ટ કર્મચારી મંડળના પ્રમુખ જગદિશ પાઠક આ સેટલમેન્ટ એગ્રીમેન્ટમાં સહી-કરાર થતા ટ્રસ્ટના સહયોગથી સુખદ ઉકેલ આવેલ છે. આ એગ્રીમેન્ટ જે ૪૨ પાનાનું છે તેમાં તારીખ ૧-૪-૨૦૨૩થી તા.૩૧-૩-૨૦૨૬ સુધી બે કેટેગરીમાં ૧૨:૫૦(સાડા બાર ટકા) અને ૧૫ ટકાનો વધારો મંજુર કરાયો છે. જે ટ્રસ્ટના ૧૮૬ કર્મચારીઓને લાભ મળશે. સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાના એવા પ્રયત્નો રહેશે કે તા.૨૮ ઓક્ટો. દિવાળી-લક્ષ્મીપૂજન પહેલા નવા વધારયલા પગાર મુજબ ચાલું માસનું વેતન ચુકવાશે. આ સુખદ ઉકેલમાં સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ, સચિવ યોગેન્દ્ર દેસાઈ, ટ્રસ્ટી પી.કે. લહેરી, ટ્રસ્ટી જે.ડી. પરમાર જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા અને ભારતીય મજદુર સંઘના પ્રમુખ હિરણ્યમય પંડયા, પ્રદેશ પ્રમુખ જે.ડી. મજમુદાર, મહામંત્રી ગિરીશ પટેલ, રામપાલ સોની, હસુભાઈ દવે, નાના ગિરધર પાટીલ કરસન કટારીયા તથા સોમનાથ કર્મચારી મંડળ પ્રમુખ જગદિશ પાઠકએ ટ્રસ્ટ સાથે વાટાઘાટો કરી સંતોષકારક સુખદ સમાધાન થયેલ છે.

**કઈ માંગણીઓ મંજુર થઈ**

બેઝીક + ડીએના ૧૨.૫૦ ટકાથી ૧૫ ટકા વધારો, મેડીકલ લીવમાં ૩નો વધારો કરેલ છે. અગાઉ જે ૭ રજા મળતી હતી તે હવે ૧૦ રજા મળશે. મેડીકલ ઈન્સ્યુરન્સ ૩ લાખમાંથી વધારી ૭ લાખ સુધી કરવામાં આવ્યો છે.


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

• ટચૂકડી જાહેર ખબર •

જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦


# ખંભાળિયાઃ સતવારા સમાજના પીઢ અગ્રણી હરિભાઈ નકુમ (સિનેમા વારા)નું અવસાન



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાના સતવારા સમાજના પીઢ આગેવાન તેમજ જામનગર જિલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ હરિભાઈ વાલજીભાઈ નકુમનું ગત મોડી રાત્રે ૬૯ વર્ષની જૈફ વયે નિધન થયું છે. હરિભાઈ નકુમ (સિનેમા વારા)ના અવસાનથી સતવારા સમાજ સાથે સમગ્ર શહેરમાં ભારે શોકની લાગણી ફેલાઈ છે. ખંભાળિયાના હર્ષદપુર વાડી વિસ્તારમાં રહેતા હરિભાઈ વાલજીભાઈ નકુમ યુવા અવસ્થાથી જ સતવારા સમાજના આગેવાન હતા. તેઓ અગાઉ જામનગર જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ અને ધરમપુર જિલ્લા પંચાયતના સદસ્ય રહી ચૂક્યા છે. અહીંના જાણીતા વિજય સિનેમા, વિજય કોલ્ડ સ્ટોરેજ, હરસિધ્ધિ સ્ટોન ક્રશર જેવી વેપારી પેઢીઓ સાથે તેઓ સંકળાયેલા હતા. જામનગરમાંથી દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયત અલગ થઈ, ત્યારે સતવારા સમાજમાં તેમનો ખૂબ દબદબો હતો. તેમજ દરેક ચૂંટણીમાં ઉમેદવારોને જીતાડવા માટે તેમની ભૂમિકા નિર્ણાયક બની રહેતી હતી. ભાજપમાં તેમને વડીલ નેતા તરીકે માનવામાં આવતા હતા. થોડા સમય પૂર્વે તેમને હૃદયની બીમારી થતા વાલ્વના ઓપરેશન માટે અમદાવાદની જાણીતી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં વિદેશના નિષ્ણાંત તબિબ દ્વારા તેમનું ઓપરેશન કરાયું હતું. આ પછી પુનઃ તેમને આ પ્રકારની તકલીફ થતા અમદાવાદ લઈ જવામાં આવ્યા હતા. જ્યાંથી બે દિવસ પૂર્વે તેઓ અહીં પરત આવ્યા હતા. આ વચ્ચે ગતરાત્રે તેમને તકલીફ વધતા અહીંની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં રાત્રિના આશરે દોઢેક વાગ્યે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

# જૂનાગઢ જીલ્લામાં ૩ અપમૃત્યુના બનાવો નોંધાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૬

જૂનાગઢ શહેરના મધુરમ, વંથલીના સાંતલપુર અને ચોરવાડના લાંગોદ્રામાં ૩ના અકાળે મોત થયાનું પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર સી ડીવીઝન પોલીસ મથકે જીતેશભાઈ પરસોતમભાઈ રાઠોડે જાહેર કરેલ કે પોતાના મૃતક પત્ની શોભનાબેન(ઉ.વ.૪૧)નવેક વર્ષ પહેલા ડીલેવરી બાદથી કમર તથા માથાના દુ:ખાવાની બીમારી હોય જેનાથી કંટાળી ઝેરી દવા પી લેતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે. જયારે વંથલીના સાંતલપુર નજીક રામાપીર મંદીરની જગ્યાએ રહેતા ભરતગીરી રણછોડગીરી મેઘનાથી(ઉ.વ.૬૧)અકસ્માતે ગેસના ચુલામાં પડી જતા દાઝી જવાથી મોત નિપજયાનું ડોસાભાઈ પુંજાભાઈ ભારાઈએ વંથલી પોલીસ મથકે જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે. તેમજ ચોરવાડના લાંગોદ્રા ગામે રહેતા અને મુળ મધ્યપ્રદેશના પ્રકાશ કાળુભાઈ ડામોર(ઉ.વ.૧૫)એ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા મોત નિપજયાનું મૃતકના પિતા કાળુભાઈએ ચોરવાડ પોલીસ મથકે જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.


જૂનાગઢ શહેર તથા આજુબાજુના ગામડાઓમાં કબર ખોદવા માટે, ગુસલ કરાવવા માટે, કબર બાંધવા માટે મળો....

ઈમરાનભાઈ હુશેનભાઈ

ધારાગઢ દરવાજા, હુરેઈલાહી મસ્જીદ પાસે, નગીનાખાણ, જૂનાગઢ

મો. ૯૯૯૮૬ ૩૪૫૯૨

રોયલ ગેસ સ્ટવ

૧/૨/૩/૪ બર્નર ના L.P.G. અને P.N.G. ઘર વપરાશના ગેરેન્ટી વાળા ચુલા દરેક કંપનીના મોડેલ માત્ર અમારે ત્યાં વિશાળ રેન્જ ધરાવતું એક જ નામ એટલે જ

રોયલ ગેસ સ્ટવ

એક્સચેન્જ ઓફર નો લાભ મળશે

જુના ચુલાનું વળતર મળશે


ઘરબેઠા રીપેરીંગ માટે સુવિધા મળશે

માંડવી ચોક, મોટી શાક માર્કેટ પાસે, મકન ગાંધીની દુકાન સામે, જૂનાગઢ

મો.૮૮૬૬૦ ૨૭૬૧૩

ટચુકડી જાહેરાત દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની

નવો નંબર નોંધી લેશો

મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩

વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩

કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.

દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.

મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ

વિજય ઘી ડીપો

દિપાવલી તહેવારો માટે ખાસ...

ગાયનું તાજુ ઘી આવી ગયું છે તેમજ ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી

વિજય ઘી ડીપો

ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ

મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર

લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે

દિપક ફટાકડા સેન્ટર

C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.

ફોન: ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !

અમારે ત્યાંથી

- પાણીપુરી
- ભેળ
- સમોસા રગડો
- મસાલાપુરી
- દાબેલી
- રગડા પેટીસ
- દહીપુરી
- દિલ્હી ચાટ
- બાસ્કેટ ચાટ
- સેવપુરી
- લસણીયા બટેટા

તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે

:: ખાસ નોંધ ::

લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.

જલારામ પાણીપુરી

પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.

જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

બેકરીની બધી જ આઈટમ ઘઉંમાં મળશે સ્પે. પંજાબી પફ મળશે આઈસ કેકનાં સ્પેશ્યાલીસ્ટ

નારાયણ બેકરી

સુખનાથ ચોક જૂનાગઢ

મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

વંદના બેકરી

તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ

મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે

જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર

વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

આઈસ્ક્રીમ

અંદર બેસવાની સુંદર વ્યવસ્થા

ક્રીમ લચ્છી

સન્ડે આઈસ્ક્રીમ

ક્રિમ મિલ્ક સેઈક

શિખંડ - બાસુંદી - દહીંવડા

કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

# જૂનાગઢ જીલ્લામાં ક્યારે પણ શાળાએ ના ગયેલા અથવા અધવચ્ચેથી શાળા છોડી દિધેલ ૬ થી ૧૯ વર્ષના બાળકોને શોધવાનો સર્વે હાથ ધરાશે

જૂનાગઢ, તા. ૨૬

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ ૨૦૦૯ ની જોગવાઈ મુજબ ૬ થી ૧૪ વર્ષની વયજૂથના તમામ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ મેળવવાનો અધિકાર છે. જે બાળકો ક્યારે પણ શાળાએ ગયેલ નથી કે અધવચ્ચેથી શાળા છોડી દિધેલ છે, તેવા બાળકોનું નજીકની શાળામાં વયકક્ષા મુજબ ક્ષમતા સિધ્ધ થાય તે માટે નિશ્ચિત સમયગાળા માટે સ્પેશિયલ ટ્રેનિંગ મેળવવાનો અધિકાર છે.

આ અંતર્ગત જૂનાગઢ જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર બી. એચ. વાઢેરના માર્ગદર્શન અને રાહબરી હેઠળ સમગ્ર જૂનાગઢ જિલ્લામાં શાળા બહારના બાળકોને શોધીને શાળામાં દાખલ કરાવવા માટેની આ ખાસ સર્વેની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

જૂનાગઢ જિલ્લામાં સમગ્ર શિક્ષા અંતર્ગત ૬ થી ૧૯ વર્ષના ક્યારે પણ શાળાએ ના ગયેલા હોઈ અથવા તો અધવચ્ચેથી શાળા છોડી દીધેલા દિવ્યાંગ સહિતના તમામ બાળકોને શોધવા માટેનો સર્વે પ્રોગ્રામ નવેમ્બર-૨૦૨૪ દરમિયાન હાથ ધરવામાં આવશે. આ સર્વેમાં શાળા વ્યવસ્થાપન સમિતિ, બાળમિત્રો, સ્વૈચ્છિક સંગઠનો, કોલેજો, એન.એસ.એસ., એન.સી.સી. અને અન્ય સરકારી વિભાગો પણ જોડાશે. જૂનાગઢ જિલ્લાના શહેરી વિસ્તારોમાં ખાસ કરીને અર્બન, સ્લમ, પછાત એરિયામાં તેમજ રિમાંડ હોમ, નારી સંરક્ષણ ગૃહ, સ્વૈચ્છિક સંસ્થાના વર્ગોમાં આવરી લીધેલ બાળકો, ઝુંપડપટ્ટી વિસ્તાર, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, ધાર્મિક સ્થળો, કન્ટ્રક્શન સાઈટ, કોઈપણ પ્રકારની મજુરી માટે આવેલ પરિવારો વસતા હોઈ તેમના બાળકો, સિનેમાઘરોની આસપાસના વિસ્તારોમાં સર્વે હાથ ધરાશે. ગ્રામ્ય વિસ્તારોમાં દરિયા કિનારા વિસ્તાર, જંગલના અંતરિયાળ નેસ વિસ્તાર, અગરિયા વિસ્તાર વગેરે વિસ્તારના તમામ બાળકોને આ સર્વે પ્રક્રિયામાં આવરી લેવામાં આવશે. આ બાબતે જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે કે આપની આસપાસ ઉપરોક્ત વિસ્તારો પૈકીના કોઈપણ વિસ્તારોમાં ૬ થી ૧૯ વર્ષની વયજૂથના કદી શાળાએ ના ગયેલા હોઈ અથવા તો અધવચ્ચેથી શાળા છોડી દીધેલા દિવ્યાંગ સહિતના તમામ શાળા બહારના બાળકો કે જેઓ કોઈપણ કારણોસર શાળાએ જઈ શકેલ નથી તે બાબતની આપને જાણ થાય તો નજીકની સરકારી પ્રાથમિક શાળા અથવા તો આપના તાલુકાના બી.આર.સી. ભવનમાં સંપર્ક કરી જાણ કરવી.

# મેંદરડા તાલુકાના ઝીંઝુડા ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

## જીલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર ઝીંઝુડા ગામ ખાતે સેવાસેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી કેમ્પનો લાભ લેવા નાગરિકોને અપીલ કરી





જૂનાગઢ, તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસે તા.૧૭મી સપ્ટેમ્બર-૨૦૨૪થી શરૂ થયેલા ૧૦મા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમના ભાગરૂપે જૂનાગઢ જિલ્લાના તમામ તાલુકાઓમાં કાર્યક્રમો યોજાયા હતા. જિલ્લામાં ૧૦મા તબક્કાનો અંતિમ સેવાસેતુ કાર્યક્રમ તા.૨૫મી ઓકટોબરના રોજ મેંદરડા તાલુકાના ઝીંઝુડા ગામે યોજાયો હતો. મેંદરડા તાલુકાના મામલતદારની અધ્યક્ષતામા ઝીંઝુડા ગામે યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ સેવા સેતુ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમરે જણાવ્યું કે, છેવાડાનો માનવી રાજ્ય અને કેન્દ્ર સરકારની લોકકલ્યાણકારી યોજનાઓથી વંચિત ન રહી જાય, તેના ઘર પાસે જ નાના-મોટા પ્રશ્નોનો નિકાલ લાવી તેની સમસ્યાનું સમાધાન કરી શકાય તે માટે આ સેવાસેતુ કાર્યક્રમના માધ્યમથી સરકાર નાગરિકોના ઘર આંગણે આવે છે. જે નાગરિકો તાલુકાકક્ષા સુધી જઈ શકતા નથી, શારીરિક અશક્ત છે તેઓ આ કાર્યક્રમના માધ્યમથી પોતાના પ્રશ્નો રજૂ કરી તેનો હલ મેળવી શકે છે. સેવા સેતુના માધ્યમથી સરકારની સેવા-યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચાડવાનો જે આશય છે તેને આપણે સૌ સાથે મળી સિદ્ધ કરીએ તેવી અપીલ પણ કરી હતી. સેવાસેતુ કાર્યક્રમના માધ્યમથી લાભ મેળવનાર લાભાર્થી પ્રકાશભાઈ સુખાનંદીએ જણાવ્યું કે ઝીંઝુડા ગામ ખાતે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમા આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થા થકી ડાયાબિટીસ તેમજ બ્લડ પ્રેશરની તપાસ ખૂબ સારી રીતે કરવામાં આવી હતી. આ કાર્યક્રમના માધ્યમથી થઈ રહેલી કામગીરી ખૂબજ સારી છે, અન્ય લોકોએ



પણ આ કાર્યક્રમનો લાભ લેવો જોઈએ. જેના માટે સરકાર તેમજ વહીવટી તંત્રનો આભાર માનું છું. રેશનકાર્ડ અને આધાર કાર્ડ ની કામગીરી અર્થે આવેલ મીઠાપુર ગામની વતની દોમડીયા પુર્વા એ જણાવ્યું કે, રેશનકાર્ડ અને આધાર કાર્ડમાં સુધારા માટેની કામગીરી સરળતાથી થઈ ગયેલ છે અને આ સેવા સેતુ કાર્યક્રમમાં જુદી જુદી ૫૫ જેટલી યોજનાઓ નો લાભ લોકોને મળે છે જેના માટે આ સેવાસેતુ કાર્યક્રમના આયોજન બદલ સરકારશ્રીનો આભાર માનું છું. સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત મેંદરડા ગામના રહેવાસી ભાવિનભાઈ ભટ્ટ જણાવે છે કે, ઝીંઝુડા ગામ ખાતે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં હું મારા પુત્ર હર્ષિત ભટ્ટનું આધારકાર્ડ અપડેટની કામગીરી કરવા માટે આવેલ આ કાર્યક્રમમાં આવતાં અહીં ઉપસ્થિત અધિકારીઓએ મારૂ કામ સરળતાથી અને ખૂબજ ઝડપભેર કરી આપ્યું છે અને આ સેવા સેતુ કાર્યક્રમમાં જુદી જુદી બીજી ઘણી યોજનાઓ નો લાભ મળી રહ્યો છે તે માટે હું સરકારનો અને વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કરૂ છું. ઝીંઝુડા ગામે યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં ૧૯ ગામોના ગ્રામજનોએ રાજ્ય સરકારની ૫૫ જેટલી વિવિધ સેવાઓના નાના-મોટા લાભો લીધા હતા.

# રાજ્ય સરકાર દ્વારા ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૪-૨૫ અંતર્ગત લઘુતમ ટેકાના ભાવથી ડાંગર, બાજરી, જુવાર, રાગી, મકાઈની ખેડૂતો પાસેથી સીધી ખરીદી

જૂનાગઢ, તા.૨૬

ખેડૂતોને તેઓના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૪-૨૫ માં રાજ્ય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવે ડાંગર, બાજરી, જુવાર, રાગી,મકાઈની ખરીદી ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી. મારફતે કરવામાં આવનાર છે. લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઈન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિકે ગ્રામ્ય કક્ષાએ ફઝઈ મારફતે તેમજ તાલુકા કક્ષાએ નિગમના ગોડાઉન ખાતે તા.૩૧/૧૦/૨૦૨૪ સુધી ખેડુત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ કરવામાં આવશે. તે મુજબ નોંધણી કરાવવા તમામ ખેડૂતોને આથી જાણ કરવામાં આવે છે. ટેકાના ભાવે ખરીદી તા.૦૬/૧૧/૨૦૨૪ (લાભપાંચમ) થી તા.૧૫/૦૧/૨૦૨૫ દરમ્યાન કરવામાં આવશે. બાજરી,જુવાર તથા રાગીમાં ટેકાના ભાવ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પ્રતિ.ક્વિન્ટલ રૂા.૩૦૦/- નું બોનસ આપવામાં આવશે.

નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અધ્યતન ગામ નમુનો ૭, ૧૨, ૮-અ ની નકલ, ગામ નમુના ૧૨માં પાક વાવણી અંગે એન્ટ્રી ના થઈ હોય તો પાકની વાવણી અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો, ખેડુતના નામના બેક્ક ખાતાની વિગત જેમ કે બેક્ક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે. રાજ્યના ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તેઓની ઓનલાઈન નોંધણી ફરજીયાત હોઈ આ માટે સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા ખાસ અનુરોધ છે.

ટેકાના ભાવે ખરીદી માટે નોંધણી કરાવેલ ખેડુતોને જીસ્જી મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે ખરીદી સમયે ખેડુતે પોતાનુ આધારકાર્ડ/ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ખેડુત ખાતેદારના બાયોમેટ્રિક ઓથોન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદ કરવામાં આવશે જેની નોંધ લેશો. નોંધણી કરાવતી વખતે તમામ ડોકયુમેન્ટસ સુવાચ્ય રીતે અપલોડ થાય તથા માગ્યા મુજબના જ અપલોડ થાય તેની નોંધણી સ્થળ/કાઉન્ટર છોડતા પહેલા ખાસ કાળજી રાખવા વિનંતી છે. ડોક્યુમેન્ટની ચકાસણી દરમ્યાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તો આપનો ક્રમ રદ થશે અને ખરીદી માટે આપને જાણ નહી કરવામાં આવે તેની ખાસ નોંધ લેશો. નોંધણી બાબતે કોઈ મુશકેલી જણાયતો હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧ ૭૧૭૧૮ તથા ૮૫૧૧૧ ૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

## ગિરનારની પરિક્રમા દરમ્યાન

# અભયારણ્ય વિસ્તારમાં પ્લાસ્ટિક ઉત્પાદન, પેદાશ, પ્લાસ્ટિક ચીજ વસ્તુઓ, પ્લાસ્ટિક પેકિંગ મટીરીયલ્સ સાથે પ્રવેશ મનાઈ

જૂનાગઢ, તા.૨૬

આગામી તા. ૧૨/૧૧/૨૦૨૪થી તા. ૧૫/૧૧/૨૦૨૪ દરમિયાન ગરવા ગિરનારની પરિક્રમા યોજનાર છે. જેમાં આવનાર શ્રદ્ધાળુઓ, અન્નક્ષત્રો ચલાવનાર સંસ્થાઓ અને રાજયમાંથી આવતા સાધુ-સંતોશ્રીઓ તેમજ ધંધાર્થીઓને જણાવવાનું કે ગુજરાત સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ સચિવાલય ગાંધીનગરના પરિપત્ર તા. ૨૨/૦૫/૨૦૧૯થી વન્ય પ્રાણી અભયારણ્ય/રાષ્ટ્રીય ઉદ્યાનોના વિસ્તારમાં પ્લાસ્ટિક ઉત્પાદન, પેદાશ, પ્લાસ્ટિક ચીજ વસ્તુઓ, પ્લાસ્ટિક પેકિંગ મટીરીયલ્સ વગેરે લઈને ધંધાર્થીઓ, અન્નક્ષેત્રો, રાજયમાંથી આવતા સાધુ સંતોશ્રીઓ અને શ્રદ્ધાળુઓ અભયારણ્ય/રાષ્ટ્રીય ઉદ્યાન વિસ્તારમાં પ્લાસ્ટિક સાથે પ્રવેશ કરવા તથા તેને ગમે ત્યાં ફેકવા ઉપર મનાઈ હુકમ ફરવામાં આવે છે. જેના ઉલ્લંઘન બદલ ભારતીય વન સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ ની કલમ ૨૯તથા ૩૫ મુજબ ગુન્હો બને છે અને મહત્તમ દંડનીય કાર્યવાહી થઈ શકે. તેમજ તાજેતરમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના કાર્યરત પી.આઈ.એલ.નં. ૦૬/૨૦૨૩ના કામે થયેલ દિશા નિર્દેશ મુજબ ગિરનાર અભયારણ્ય વિસ્તારમાં સ્વચ્છતા જાળવવાની થાય છે તો પરિક્રમા દરમિયાન આવનાર દરેક લોકોને સહકાર આપવા વિનંતી છે તેમ નાયબ વન સંરક્ષક જૂનાગઢ વન વિભાગ દ્વારા જણાવાયું છે.

# સર્વે દર્શાવે છે કે ૭% દીકરીઓ વસિયતનામા દ્વારા સમાન વારસો મેળવે છે : સનફીસ્ટ મોમ્સ મેજિક તેની પહેલ 'વિલ ઓફ ચેન્જ' દ્વારા દેશભરની માતાઓને આમાં ફેરફાર કરવા પ્રેરિત કરે છે


(પ્રતિનિધિ દ્વારા)


અમદાવાદ, તા.૨૬


ભારત ૨૩મી ઓકટોબર ૨૦૨૪ જો કે, વાસ્તવમાં ભારતમાં પુત્રીઓને પુત્રોની જેમ કુટુંબની મિલકતના વારસામાં સમાન અધિકાર છે તે સત્યથી દૂર છે. સનફીસ્ટ મોમ્સ મેજિક શો દ્વારા કરવામાં આવેલ સંશોધન દર્શાવે છે કે માત્ર ૭% દીકરીઓને જ વસિયત દ્વારા સમાન વારસો મળે છે. ભારતીય પરિવારોમાં લાંબાસમયથી ચાલતી માન્યતા “બેટીયાં પરાયા ધન હોતી હૈં” (દીકરીઓ આખરે કોઈ બીજાની જવાબદારી છે) હજુ પણ ખૂબ પ્રચલિત છે. અલી હેરિસ શેર, ચીફ ઓપરેટિંગ ઓફિસર, બિસ્કીટ એન્ડ કેક્સ ક્લસ્ટર, ફૂડ્સ ડિવિઝન, ITC લિમિટેડ, એ આ અભિયાનના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, “ભારતમાં મોટી સંખ્યામાં માતાઓએ પોતાના માતા-પિતા દ્વારા વારસામાં અન્યાયી વર્તનનો સામનો કરવો પડ્યો છે, તે જ તે છે જેઓ હવે તેમની પુત્રીઓ માટે તેમના પોતાના પરિવારોમાં ખરેખર પરિવર્તન લાવી શકે છે. 'વિલ ઓફ ચેન્જ' ઝુંબેશ દ્વારા, અમે માતાઓને દીકરીઓ માટે સમાન વારસાના અધિકારો સુનિશ્ચિત કરવા અને પરિવર્તનની માતા બનવા માટે પ્રેરણા આપવાની આશા રાખીએ છીએ.” સમયની સાથે, ભારતની માતાઓએ તેમના સંબંધિત વિવિધ મુદ્દાઓ પર સ્ટેન્ડ લેવા અને મજબૂત દ્દષ્ટિકોણ રાખવા માટે તેમનો અવાજ શોધી કાઢ્યો છે. આઈટીસી સનફીસ્ટ મોમ્સ મેજિક, માતાઓને અસર કરતા કારણો લેવા માટે જાણીતી એક બ્રાન્ડ, તેના ભૂતકાળના અભિયાનો દ્વારા તેમને પ્રેરણા આપી રહી છે. બ્રાંડની નવીનતમ પહેલ 'વિલ ઓફ ચેન્જ' ઊંડે જડિત સામાજિક પૂર્વગ્રહ પર પ્રકાશ પાડે છે જે જુએ છે કે વારસાની બાબતોમાં દીકરીઓને અવગણવામાં આવી રહી છે, જે સમાનતા તરફ વળવાની હિમાયત કરે છે. ઝુંબેશ માતાઓને, પરિવર્તનના આધારસ્તંભ તરીકે, આ નિર્ણાયક ચળવળનું નેતૃત્વ કરવા અને તેમને #Mom Of Change બનવા માટે સશક્ત બનાવવાનું આહ્વાન કરે છે. એક બ્રાન્ડ તરીકે, સનફીસ્ટ મોમ્સ મેજિક માને છે કે મમ્મી એ સૌથી હૂંફાળી મહાસત્તા છે જે તેના બાળકોના માર્ગમાં આવતા વિશ્વના પૂર્વગ્રહો સામે લડી શકે છે છે. 'વિલ ઓફ ચેન્જ' પહેલ સાથે, બ્રાન્ડ સમાજમાં સૌથી વધુ પ્રેરિત પૂર્વગ્રહોમાંથી એકને સ્વીકારે છે અને માતાઓને આ પરિવર્તનનો હવાલો લેવા માટે પ્રેરણા આપે છે. ઝુંબેશના કેન્દ્રમાં શેફાલી શાહ અને મનીષ ચૌધરી અભિનીત એક ઊંડી ભાવનાત્મક અને વિચારપ્રેરક ફિલ્મ છે. આ ફિલ્મ કરુણતાપૂર્વક દર્શાવે છે કે કેવી રીતે વારસાના નિર્ણયો ઘણીવાર દીકરીઓ પરિવારમાં યોગદાન આપવા છતાં તેની અવગણના કરે છે. વાર્તા એક આધુનિક કૌટુંબિક સેટિંગમાં પ્રગટ થાય છે, જ્યાં શ્રી શેખર વર્મા વકીલ સાથે તેમની ઈચ્છાને અંતિમ સ્વરૂપ આપી રહ્યા છે. જ્યારે તેમની પુત્રી શ્રેયા, તેમને દસ્તાવેજો એકત્ર કરવામાં મદદ કરે છે, તે સ્પષ્ટ થાય છે કે ફક્ત તેમના પુત્ર અર્જુનને તેમની કુટુંબની સંપત્તિના વારસદાર તરીકે નામ આપવામાં આવ્યું છે. શેફાલી શાહ દ્વારા ભજવવામાં આવેલી માતા, સૂક્ષ્મ પરંતુ શક્તિશાળી રીતે આ નિર્ણયને પડકારે છે, તેમના પતિને યાદ કરાવે છે કે જ્યારે તેમની પુત્રીને તેમના રોજિંદા જીવનમાં હંમેશા "બેટા" (પુત્ર) તરીકે સંબોધવામાં આવે છે, જ્યારે વારસાની વાત આવે ત્યારે તે "બેટી" (દીકરી) બની જાય છે. તેણીના શબ્દો તેના પતિ પર ઊંડી અસર છોડે છે, તેને તેના નિર્ણયમાં રહેલા પૂર્વગ્રહ પર પુનર્વિચાર કરવા પ્રોત્સાહિત કરે છે. આ ઝુંબેશને ઓગિલ્વી બેંગ્લોર દ્વારા તૈયાર કરવામાં આવી છે. વધુ માહિતી માટે અને પરિવર્તનનો ભાગ બનવા માટે, **WillofChange.com** ની મુલાકાત લો અને આજે જ તમારા સમર્થનની પ્રતિજ્ઞા લો.

# કોડીનાર શહેરમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સઘન તપાસ

## મીઠાઈ-ફરસાણની દુકાનો, દૂધની ડેરી, મેન્યુફેકચરીંગ યુનિટ, હોટલ-રેસ્ટોરન્ટ ઉપર તપાસ : ૪૯૭૭ કિ.ગ્રા. ખાદ્યતેલનો અને ૧૩૫ કિ.ગ્રા. બગડેલા-અખાદ્ય જથ્થાનો નાશ કરાયો







(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૬

ગીર સોમનાથ જિલ્લામાં ફૂડ સેફટી પખવાડીયાની ઉજવણી થઈ રહી છે. જે અંતર્ગત ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગીર સોમનાથ દ્વારા લોકોના સ્વાસ્થને ધ્યાનમાં રાખી દિવાળીના તહેવારને અનુલક્ષીને વિવિધ સ્થળોએ તપાસ હાથ ધરવામાં આવી હતી.

તહેવારોને અનુલક્ષીને મીઠાઈ તથા ફરસાણની દુકાનો, દુધની ડેરીઓ, મેન્યુફેકચરીંગ યુનિટ, હોટલ તથા રેસ્ટોરન્ટ અને રીટેઈલર-હોલસેલ સ્ટોલમાંથી બહોળા પ્રમાણમાં જુદા-જુદા વિસ્તારોમાંથી દૂધ અને દૂધની બનાવટ, માવો, ઘી, ખાદ્યતેલ, મરી—મસાલા, બેકરી પ્રોડકટ, પનીર, ડ્રાયફ્રૂટ ફરસાણ અને મીઠાઈની તપાસ થઈ હતી.

તપાસ દરમ્યાન સ્થળ પર જોવા મળેલા પડતર, વાસી તથા બગડેલા અને અખાધ્ય એવા આશરે ૧૩૫ કિ.ગ્રા. જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. તથા અંદાજે ૪૯૭૭ કિ.ગ્રા. ખાદ્યતેલનો તથા ૮૩૩ અલગ-અલગ ખાદ્યચીજ વસ્તુઓનો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો.

આમ, ગીર સોમનાથ જિલ્લાના અલગ-અલગ તાલુકાઓમાં જુદા-જુદા વિસ્તારોમાંથી કુલ ૨૩૩ પેઢીમાંથી જરૂરી ખાદ્યચીજોના ૨૬૦ જેટલા નમૂના લેવામાં આવ્યા. જે નમૂનાઓ તપાસ અર્થે ફૂડ એન્ડ ડ્રગ્સ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યાં છે.

# દીપોત્સવી પર્વને અનુલક્ષીને ખંભાળિયાનું માર્કેટિંગ યાર્ડ એક સપ્તાહ બંધ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૬

આગામી સપ્તાહમાં દિવાળી પર્વનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે આને અનુલક્ષીને ખંભાળિયાના માર્કેટિંગ યાર્ડમાં બુધવાર તા. ૩૦ થી મંગળવાર તા. ૫ નવેમ્બર સુધી દિપાવલી તેમજ નૂતન વર્ષના અનુસંધાને હરાજીનું કામકાજ તેમજ જણસીઓની ઉતરાઈ સંપૂર્ણપણે બંધ રહેશે. બુધવાર તા. ૬ ના રોજ લાભ પાંચમથી હરાજીની કામગીરી રાબેતા મુજબ શરૂ થશે. તેમ માર્કેટિંગ યાર્ડની એક યાદીમાં જણાવ્યું છે.

# ખંભાળિયા : સ્વચ્છતા-સેવાના મુદ્દે પટેલ હોસ્પિટલે મેળવ્યો પ્રથમ ક્રમાંક

## સરકાર દ્વારા વિવિધ મુદ્દે તપાસ, રિસર્ચ કરાયા બાદ પ્રમાણપત્ર એનાયત

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૬

ખંભાળિયામાં નગરપાલિકા તેમજ સરકારી તંત્ર દ્વારા સ્વચ્છતા સંદર્ભે વિવિધ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. આ વચ્ચે ખંભાળિયા શહેરને સ્વચ્છતા સર્વેક્ષણમાં પ્રથમ ક્રમ મળે તે માટે તંત્ર દ્વારા લોકોને અપીલ સાથે વિવિધ પ્રકારની ઝુંબેશ આદરવામાં આવી રહી છે. સાથે સાથે વિવિધ ધંધાકીય એકમોમાં પણ આ પ્રકારે લેવામાં આવતા પગલાં વચ્ચે ક્રમાંક સર્ટિફિકેટ પણ આપવામાં આવે છે.





ખંભાળિયા શહેરમાં કાર્યરત વિવિધ હોસ્પિટલોમાં સ્વચ્છતા સહિતની બાબતે ચોક્કસ અધિકારીઓની ટીમ દ્વારા વિવિધ પ્રકારના સર્વેક્ષણ બાદ અત્રે જડેશ્વર રોડ ઉપર આવેલી પટેલ મેટરનીટી હોમ એન્ડ આઈવીએફ સેન્ટરને આ મુદ્દે પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો છે. આ મુદ્દે પટેલ હોસ્પિટલના ડાયરેક્ટર ડો.શાલીન પટેલ તથા ડો. બીજલબેન પટેલે જણાવ્યું હતું કે હોસ્પિટલમાં સ્વચ્છતાને ખાસ પ્રાધાન્ય આપવામાં આવે છે. તે માટે અલગ અલગ કન્ટેનરો તેમજ ચોક્કસ સ્ટાફની નિયુક્તિ પણ કરવામાં આવી છે. હોસ્પિટલને પ્રાપ્ત થયેલા પ્રથમ ક્રમાંકમાં સ્વચ્છતા સાથે દર્દીઓને મળતી વિવિધ પ્રકારની જરૂરી સુવિધાઓ તેમજ સરકારના નિયમોની થતી ચુસ્ત અમલવારીને ધ્યાને લેવામાં આવે છે. આ સર્વેક્ષણ સરકારના નિયત પ્રતિનિધિ તેમજ નગરપાલિકા સ્ટાફ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. જેમાં આ હોસ્પિટલ માટે સિટીઝન ફીડબેકને પણ ધ્યાને લેવામાં આવ્યું હતું. સરકારના સ્વચ્છ ભારત મિશન ઉદ્દેશ સહિતની બાબતોને ધ્યાને લઈ અને પટેલ હોસ્પિટલને સ્વચ્છતા અને ચોખ્ખાઈ માટે આ સર્ટિફિકેટ સાંપળ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ હોસ્પિટલના ડાયરેક્ટર ડો. પટેલ દંપતી સામાજિક તેમજ સેવાકાર્યોમાં પણ અગ્રેસર રહે છે. સાથે સાથે સુવ્યવસ્થિત રીતે દર્દીઓની સેવા અને સરકાર દ્વારા આપવામાં આવેલા આ સર્ટિફિકેટ બદલ નગર નગરજનોએ તેમને અભિનંદન પાઠવ્યા છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# શું પરમાણું શસ્ત્રોથી મુક્તિનો રસ્તો ખૂલશે?

નિહોન હિદાયનકો પરમાણુ હથિયારોથી મુક્ત દુનિયાનો અવાજ બનીને ઉભર્યો છે. નોબેલ શાંતિ પુરસ્કારોની લાંબી યાદીમાં એક દિવસે જાપાનની નિહોન હિદાયનકો એટલે કે હિબાકુશા ચળવળને આ સન્માન મળશે, તેનો અંદેજો તેના સંસ્થાપકોને પણ ન હતો. આંતરરાષ્ટ્રીય શાંતિ બ્યૂરો (આઈપીબી) દ્વારા નોબેલ શાંતિ પુરસ્કાર માટે હિબાકુશા અને પ્રોફેસર જોસેફ રોટબ્લેટને ૧૯૯૪માં નામાંકિત કરવામાં આવ્યા હતા. ત્યારે વાત રફેદફે થઈ ગઈ હતી, પરંતુ આ વર્ષે જ્યારે આ મહાન કાર્યને સન્માન મળ્યું, તો નિઃસંદેહ હિબાકુશાને પોતાના કરાયેલા અત્યાર સુધીના પ્રયાસ પર સંતોષ થયો હશે.

હવે આજે દુનિયામાં પરમાણુ હથિયારોની હોડ જામી છે. વિશ્વના નવ દેશો અમેરિકા, રશિયા, ફ્રાન્સ, ચીન, બ્રિટન, પાકિસ્તાન, ભારત, ઈઝરાયલ અને ઉત્તર કોરિયા પાસે પરમાણુ હથિયાર છે. કુલ મળીને વૈશ્વિક પરમાણુ ભંડાર ૧૨૦૦૦થી વધુ હથિયારોની આસપાસ છે. નિહોન હિદાયનકો પરમાણુ હથિયારોથી મુક્ત દુનિયાનું હિમાયતી રહ્યું છે, જેનો પોતાના સ્થાપનાકાળથી જ એ નારો રહ્યો છે કે પરમાણુ હથિયારોનો ઉપયોગ ફરીથી ક્યારેય ન કરવો જોઈએ. ઓગસ્ટ ૧૯૪૫માં હિરોશિમા અને નાગાસાકી પર થયેલ પરમાણુ હુમલામાં માનવીય અને પ્રાકૃતિક ક્ષતિ સાથે જ જે લોકો બચ્યા, તેઓ નિરંતર રેડિયોધર્મી કિરણોની ઝપટમાં આવીને મરતા હર્યા. એ ત્રાસદીની યાદો આજે પણ કાળજું કંપાવી દે છે. એ જ ત્રાસદીની ઉપજ છે હિબાકુશા. આજે પરમાણુ શક્તિઓ પાતના શસ્ત્રાગારોનું આધુનિકીકરણ કરી રહી છે. કેટલાય દેશ પરમાણુ હથિયાર હાંસલ કરવાની તૈયારી કરી રહ્યા છે. હાલના દોરમાં ચાલી રહેલાં યુદ્ધોમાં પરમાણુ હથિયારોનો ઉપયોગ કરવાની ધમકીઓ આપવામાં આવે છે. આજે માનવ ઈતિહાસના આ ક્ષણમાં આપણે ખુદને એ યાદ દેવડાવવું જરૂરી છે કે પરમાણુ હથિયાર શું છે? દુનિયામાં અત્યાર સુધી જોવામાં આવેલા સૌથી વિનાશકારી હથિયારનાં પરિણામ શું રહ્યાં છે? એવા સમયમાં હિબાકુશાને બુલંદ અવાજ કહી રહ્યો છે કે હિરોશિમા અને નાગાસાકી જેવા હુમલા હવે વધુ નહીં. પૃથ્વી, જળવાયુ અને બ્રહ્માંડ એટલે કે બધાની ભલાઈ માટે ખરેખર હવે પરમાણુ હથિયારો વિરુદ્ધ અવાજ ઉઠાવવાનો આ યોગ્ય સમય છે.

યુક્રેન, રશિયા, ઈઝરાયલ અને નાટોથી જે પરમાણુ ધમકીઓ મળી રહી છે, તે હળવાશથી ન લેવી જોઈએ. આ વર્ષે મે મહિનામાં હિબાકુશાએ સ્પષ્ટ કહ્યું હતું કે દુનિયાને પરમાણુ યુદ્ધના આરે ધકેલીને માનવતાના વિનાશનો ખતરો તોળાઈ રહ્યો છે. જાપાનમાં પરમાણુ બોમ્બ વિસ્ફોટોએ કેટલાય લોકોના જીવ લઈ લીધા અને આપણા શરીર, જીવન વગેરે પર તેનો પ્રભાવ ચાલુ છે. પરમાણુ હથિયારોના પ્રયોગની ત્રાસદી, જેનું પરિણામ અમાનવીય નીકળ્યું, ક્યારેય પણ દોહરાવવી ન જોઈએ.

હિબાકુશા ઈચ્છે છે કે હિરોશિમા અને નાગાસાકી પરમાણુ હુમલામાં જે લોકો બચી ગયા હતા, તેમનું જીવવું પણ મુશ્કેલ થઈ ગયું હતું, એવી સ્થિતિ હવે ફરીથી ન આવે. આજના પરમાણુ હથિયારોમાં પહેલાં કરતાં ક્યાંય વધુ વિનાશકારી શક્તિ છે. પરમાણુ યુદ્ધ આપણી સભ્યતાને નષ્ટ કરી શકે છે. નોર્વેજિયન નોબેલ સમિતિએ વાસ્તવમાં દુનિયાને પરમાણુ નિરસ્ત્રીકરણની તાત્કાલિક આવશ્યકતાની યાદ દેવડાવી છે. ૧૯૪૫ના પરમાણુ બોમ્બ હુમલાના જવાબમાં એક વૈશ્વકિ આંદોલન ઊભું થયું હિબાકુશા, જેના સદસ્યોએ પરમાણુ હથિયારોના ઉપયોગના વિનાશકારી માનવીય પરિણામો વિશે જાગરુકતા વધારવા માટે અથાગ પ્રયાસ કર્યો, તેને નોબેલ શાંતિ પુરસ્કારથી પ્રોત્સાહિત કરવામાં આવ્યું છે. એક રીતે વિશ્વને એ સંદેશ આપવામાં આવ્યો છે કે પરમાણુ હથિયારોના ઉપયોગને નૈતિકત રૂપે અસ્વીકાર્ય કરી દેવામાં આવે.

'પરમાણુ નિષેધ' વૈશ્વિક સ્વીકૃતિ બને. નોબેલ સમિતિના આ સન્માનમના અર્થ એ પણ નીકળી રહ્યા છે કે જેમણે શારીરિક પીડા અને દર્દનાક યાદો છતાં, શાંતિ માટે આશા અને પ્રતિબદ્ધતા પેદા કરવા માટે પોતાના મોંઘા અનુભવનો ઉપયોગ કરવાનો વિકલ્પ પસંદ કર્યો, તેઓ સન્માનીય છે અને હવે પરમાણુ હથિયારોનો ઉપયોગ સુરિક્ષત પૃથ્વી માટે બિલકુલ જરૂરી નથી. દુનિયાને પરમાણુ નિરસ્ત્રીકરણની તત્કાળ આવશ્યકતા છે. યુએન મહાસચિવ એન્ટોનિયો ગુટેરસે જ્યારે એમ કહ્યું કે આ યોગ્ય સમય છે કે વિશ્વ નેતા પણ, હિબાકુશા તરફ સ્પષ્ટ નજરે જુએ. પરમાણુ હથિયારોને તેમના અસલી રૂપે જ જુએ, જે મૃત્યુ ઉપકરણ છે, જે કોઈ સુરક્ષા, સંરક્ષણ કે સુરક્ષા ઉપલબ્ધ નથી કરાવતા.

પૃથ્વી જ્યારે પણ પરમાણુ મુક્ત થશે, નિશ્ચિતપણે ભયની કાળી રાતની જગ્યાએ સવારનો સૂરજ ઉગશે અને ચારેબાજુ એક નવા વાતાવરણ જોવા મળશે, જે પણ હોય આ વર્ષના નોબેલ શાંતિ પુરસ્કાર પ્રાપ્તકર્તાઓએ એ બતાવી દીધું છે કે તેમની મહેનત વિશ્વમાં પ્રેરણાની ચાવી છે. નોબેલ સમિતિએ પણ એ સ્પષ્ટ કરી દીધું છે કે જો કોઈ સંકલ્પ માનવીય હશે અને તેના સતત પ્રયાસ જનઉદ્ધાર અને સંસારના હિતમાં હશે, તો એવા મિશનનું સન્માન એક દિવસે બધા જ કરશે.

આજે તનાવભરી જિંદગીમાં ડિપ્રેસન સામાન્ય બન્યું છે ત્યારે...

# હવે હેડસેટ પહેરી ડિપ્રેસનથી મળશે રાહત!

## બ્રિટનના વૈજ્ઞાનિકોએ વિકસીત કર્યું- ફલો એફએલ ૧૦૦ હેડસેટઃ પ્રારંભિક પ્રયોગમાં મળી સફળતા



લંડન તા.૨૬

ડિપ્રેસનની સમસ્યા આજે સામાન્ય બની ગઈ છે. જેની સારવાર ઘરબેઠા કરી શકાય તેના માટે વૈજ્ઞાનિકોએ એક નવું હેડસેટ વિકસીત કર્યું છે. સંશોધકોના તેમાં લાગેલા ઈલેકટ્રોડથી મગજને લાગતા ઝટકાથી સારવાર સંભવ છે. તેમનું કહેવું છે કે એક દિવસમાં માત્ર અડધી કલાક આ ડિવાઈસનો ઉપયોગ કરવાથી ડિપ્રેસનના દર્દીઓની સ્થિતિ બહેતર બની શકે છે. આમ તો ડિપ્રેસનની બીમારી દુનિયાના મોટાભાગના દેશોમાં છે. માત્ર બ્રિટનમાં જ ૬ વયસ્કોમાંથી ૧ આ બીમારીની ઝપટમાં છે.

હાલની સારવારમાં એન્ટી ડિપ્રેસેન્ટ અને સાઈકોલોજીકલ થેરાપી આપવામાં આવે છે. પરંતુ એક તૃતીયાંશથી વધુ લોકોમાં ડિપ્રેસનની બીમારી પુરી રીતે ઠીક નથી થઈ શકતી.

ફલો એફએલ-૧૦૦ છે હેડફોનનું નામઃ આ હેડસેટથી ડિપ્રેસનની બીમારીની સારવાર થઈ શકે છે કે કેમ તેના પર લંડનની કિંગ્સ કોલેજના સંશોધકોના નેતૃત્વમાં આંતરરાષ્ટ્રીય સંશોધકોની એક ટીમે કામ કર્યું હતું. સંશોધનમાં બહાર આવ્યું હતું કે હેડસેટ ફલો એફએલ-૧૦૦નો એક દિવસમાં ૩૦ મીનીટ સુધી ઉપયોગ કરવાથી લોકોમાં ડિપ્રેસનની બીમારી ઠીક થવાની સંભાવના ત્રણ ગણી વધી જાય છે.

બે ઈલેકટ્રોડ લગાવાયાઃ હેડસેટમાં બે ઈલેકટ્રોડ લગાવાયા છે. આનાથી મસ્તકની ખોપરીમાં સીધી નબળા વીજળીના ઝટકા અપાય છે તે ડિપ્રેસન પીડિત લોકોના મગજમાં એ ભાગ પર અસર કરે છે જે ઓછી ગતિવિધિનું કારણ બને છે. આ સંશોધનમાં કુલ ૧૭૪ દર્દીઓએ ભાગ લીધો હતો. ભાગ લેનારાઓએ હેડસેટનો ઉપયોગ ઘેર કર્યો હતો. વિડીયો લિંક પર વૈજ્ઞાનિકોએ આ દરમિયાન તેમના પર વોચ રાખી હતી. આ સંશોધનના વિશ્ર્લેષણમાં સકારાત્મક પરિણામો મળ્યા છે.

# શાકભાજીની સાથે સાથે ખાદ્ય તેલના ભાવમાં ઉછાળોઃ ત્રણ મહિનામાં રૂા.૨૦ વધ્યા



નવી દિલ્હી,તા.૨૬

શાકભાજીની સાથે સાથે હવે ખાદ્યતેલની કિંમતોમાં પણ હવે ઉછાળો જોવા મળી રહ્યો છે.ગત ત્રણ મહિનામાં તેની સરેરાશ કિંમતોમાં ૨૦ રૂપિયા દર કિલોએ વધારો નોંધાયો છે.સૌથી વધુ સરસવના તેલમાં લગભગ ૨૫ રૂપિયા કિલોએ વધારો થયો છે. ભારતીય રિઝર્વ બેક્ર દ્વારા જાહેર માસિક રિપોર્ટમાં એ ઉત્પાદનોનો ખાસ કરીને ઉલ્લેખ કરવામાં આવ્યો છે.જેની કિંમતોમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો છે. રિપોર્ટ જણાવે છે કે સરસવ, સુરજમુખી અને મગફળીના તેલની કિંમતોમાં ઝડપથી વધારો થયો છે.

દેશના મોટાભાગનાં ઘરોમાં ખાવાનું બનાવવા માટે સરસવ અને મગફળીના તેલનો ઉપયોગ થાય છે ત્યારબાદ સુરજમુખીનો નંબર આવે છે. કિંમતોમાં ઉછાળાથી સ્પષ્ટ છે તેની અસર રસોઈનાં બજેટ પર પણ પડી રહી છે.રિપોર્ટ બતાવે છે કે ઓગસ્ટથી સપ્ટેમ્બર દરમ્યાન કિંમતોમાં સૌથી વધુ વૃધ્ધિ નોંધાઈ છે.

# પથરી કાઢવાને બદલે ડોકટરે કિડની જ કાઢી નાખી



કરીમનગર,તા. ૨૬

તેલંગણના કરીમનગર જિલ્લામાં પથરીનું ઓપરેશન કરાવવા આવેલા દરદીની ડોકટરે કિડની જ કાઢી લીધી હતી. કિસ્સો ૨૦૦૪ના નવેમ્બરનો છે. કલ્વાશ્રીરામપુર ગામના બૂસા મલ્લેયાહને પેટમાં અસહ્ય દુખાવો થતાં સેવા સંકલ્પ કિડની હોસપિટલમાં પહોંચ્યા હતા. તેમને કિડનીમાં પથરી હોવાનું નિદાન થયું અને ઓપરેશન કરવાનું નક્કી થયું એટલે ડો. એસ. રામ ગોપાલે ઓપરેશન કર્યું પણ પથરીને બદલે કિડની કાઢી લીધી હતી. ઓપરેશન પછી બૂસાની તિબયત લથડી એટલે હેદરાબાદ લઈ જવાયા હતા. ત્યાં નિમ્સ હોસપિટલમાં બીજું ઓપરેશન કરવામાં આવ્યું હતું. એ પછી પણ સથિતિ ન સુધરી અને પેટમાં ફરીથી દુખાવો શરૂ થયો એટલે વેન્કટેશ્વર કિડની સેન્ટરમાં લઈ જવાયા. ત્યાં ડો. આર. વેન્કેયાહે કહ્યું કે તેમની જમણી કિડની નથી. એ પછી બૂસાએ પોલીસને ફરિયાદ કરી હતી અને જિલ્લા ગ્રાહક ફોરમમાં કેસ કર્યો હતો. ફોરમે ડો. રામ ગોપાલને ૬ લાખ રૂપિયા ચૂકવવા આદેશ કર્યો હતો. ચોરી ઉપરથી શિરજોરીની જેમ ડોકટરે ભૂલ સ્વીકારવાને બદલે રાજય ફોરમમાં ચુકાદો પડકાર્યો હતો.

કેનેડાથી પરત બોલાવાયેલા રાજદૂતનો ઘટ્ટસ્ફોટ

# તમારા સંતાનોને કેનેડામાં અભ્યાસ માટે મોકલતા પુર્વે વિચારજો : રાજદૂત વર્માની ચેતવણી

## આ દેશમાં ભારતીય વિદ્યાર્થીઓની હાલત દયનીય : ખર્ચને પહોંચી વળવા અભ્યાસના ભોગે કલાકો સ્ટોરમાં કામ કરે છે




નવી દિલ્હી તા. ૨૬

કેનેડાથી પરત બોલાવી લેવાયેલા ભારતના રાજદૂત સંજય વર્માએ ભારતીય વાલીઓને તેમના સંતાનોને કેનેડા અભ્યાસ માટે મોકલતા પુર્વે વિચારવાની અપીલ કરતા કહ્યું કે કેનેડામાં જે ભારતીય વિદ્યાર્થીઓ હાલ અભ્યાસ માટે છે તેમાં મોટાભાગના અત્યંત મુશ્કેલ અને અમાનવીય હાલતમાં છે. તેઓ પર ખાલીસ્તાની અલગતાવાદીઓ પ્રભાવ પાડવા પણ પ્રયાસ કરે છે. શ્રી વર્માએ જણાવ્યું કે સારા-સારા કુટુંબોમાંથી કેનેડા અભ્યાસ માટે ગયેલા વિદ્યાર્થીઓને કેમ્પ જેવા વિસ્તારમાં રહેવાની ફરજ પડી રહી છે. એક બેઝમેન્ટ રૂમમાં સાત-આઠ વિદ્યાર્થીઓ રહે છે અને તેઓ ઉચ્ચ અભ્યાસ કરીને સારી કારકીર્દીના સ્વપ્ના જોતા હોય છે. તેઓને કેનેડાની શૈક્ષણિક વ્યવસ્થામાં ઓછામાં ઓછો સમય અભ્યાસ કરવાની તક રહે છે. કારણ કે તેમના ખર્ચ કાઢવા વધુને વધુ કલાકો કામ કરવું પડે છે.

પુરા સપ્તાહ તેઓ કોઈ સ્ટોરમાં દૈનિક મજુરની જેમ કામ કરે છે તેમનો ઈશારો કેનેડામાં અભ્યાસની સાથે પાર્ટટાઈમ જોબ કરતા ભારતીય વિદ્યાર્થીઓ ભણી હતો અને તેઓ સારી ડીગ્રી ધરાવતા હોવા છતા કેબ ડ્રાઈવર કે તેવી જોબ કરે છે.

આ ઉપરાંત કેનેડાની સામાજીક સ્થિતિ પર ટીપ્પણી કરતા કહ્યું કે જેઓ નોન-ખાલીસ્તાની સ્ટુડન્ટ છે. તેઓને ધમકી આપવામાં આવે છે અને તેમને ગેંગસ્ટર-ક્રિમીનલ બનવાની ફરજ પાડવામાં આવે છે અને અનેક નિર્દોષ વિદ્યાર્થીઓ જેઓ ત્યાં ગયા છે તે ક્રિમીનલ બની ગયા છે અને આ વિદ્યાર્થીઓ પર નકારાત્મક પ્રભાવ પડી રહ્યા છે. ભારત અને કેનેડા વચ્ચે હાલમાં જે તનાવ છે તે સંદર્ભમાં શ્રી વર્માને પરત બોલાવી લેવાયા હતા.

# તમાકુ સંબંધિત બિમારી દર વર્ષે ૧૩ લાખ ભારતીયોને ભરખી જાય છે



નવી દિલ્હી,તા. ૨૬

ભારતમાં લગભગ ૯૩ ટકા લોકો ઈચ્છે છે કે જાહેર સ્થળો સંપૂર્ણપણે ધૂમ્રપાન મુક્ત હોય. તે જ સમયે, ૯૭ ટકા લોકોએ રેલવે સ્ટેશનોની જેમ એરપોર્ટને સંપૂર્ણપણે ધૂમ્રપાન મુક્ત જાહેર કરવાની હિમાયત કરી છે. ટોબેકો ફ્રી ઈનડિયા નામની પહેલ હેઠળ હાથ ધરાયેલા સર્વેમાં આ વાત સામે આવી છે. સર્વે દર્શાવે છે કે ભારતીયો સેકન્ડ હેન્ડ સ્મોકની ખતરનાક અસરો વિશે ચિંતિત અને જાગૃત છે. આ સર્વે ૨ ઓક્ટોબરથી ૧૯ ઓક્ટોબર સુધી દેશના ધૂમ્રપાન-મુક્ત નિયમોની ૧૫મી વર્ષગાંઠ પર કરવામાં આવ્યો હતો. આ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ૮ પર કરવામાં આવ્યું હતું.

હિન્દી અને અંગ્રેજી બંને ભાષાઓમાં કરવામાં આવેલા આ સર્વેમાં ૬૫,૨૭૨ લોકોને સામેલ કરવામાં આવ્યા હતા. જેમાં ધુમાડા મુક્ત જાહેર સ્થળો અને સેકન્ડ હેન્ડ સ્મોકને લગતા આરોગ્યના જોખમો અંગે છ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. સર્વેક્ષણના પ્રતિભાવોએ મહિલાઓ, બાળકો અને અન્ય સંવેદનશીલ જૂથોને રેસ્ટોરાં, હોટલ અને એરપોર્ટ જેવા જાહેર સ્થળોએ ઝેરી તમાકુના ધુમાડાના સંપર્કમાં આવવાથી બચાવવા માટેના કડક પગલાંને જબરજસ્ત સમર્થન આપ્યું હતું. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના તાજેતરના અહેવાલ મુજબ દર વર્ષે લગભગ ૧૩ લાખ ભારતીયો તમાકુથી સંબંધિત રોગોથી મૃત્યુ પામે છે.

# સોનાની કોતરણી, દરિયાઈ બોટ બાર..', અમેરિકન અબજોપતિનો આલીશાન મહેલ ૯૦૮ કરોડમાં વેચાશે



વોશીંગ્ટન તા. ૨૬

અમેરિકન અબજોપતિ ડાર્વિન ડેસન દ્વારા સાન ડિએગોમાં બનાવવામાં આવેલો લગાવી શકાય છે કે આ મહેલ ૧૩ હજાર ચોરસ ફૂટમાં બનેલો છે. તેનો ગાર્ડન ૩૫,૭૫૦ સ્કવેર ફૂટમાં બનેલો છે. અને મેદાન. આ મહેલનું ઈન્ટિરિયર ડિઝાઈનર ટિમોથી કોરિગન દ્વારા જૂના યુરોપની થીમ પર તૈયાર કરવામાં આવ્યું છે. તે સોનાથી કોતરવામાં આવેલ છે અને તેમાં આરસની ફલોર છે. અહીં કસ્ટમ મેડ ફર્નિશિંગ, ૧૬ સીટનો ડાઈનિંગ રૂમ, સ્વિમિંગ પૂલ અને ફિટનેસ સેન્ટર પણ છે. તેમાં દરિયાઈ થીમ પર બાર પણ છે.

પેલેસમાં ગેસ્ટ કાઉન્ટી રિયલ એસ્ટેટ માટે સંભવિત રીતે રેકોર્ડ-બ્રેકિંગ કિંમત હોઈ શકે છે. અગાઉ, સાન ડિએગો કાઉન્ટીમાં રેકોર્ડ ઈ૪૪ મિલિયનનો હતો, જે અબજોપતિ એગોન ડર્બન પાસે હતો, જેમણે આ વર્ષની શરૂઆતમાં ડેલ મારમાં દરિયા કિનારે એક એસ્ટેટ ખરીદી હતી. બિલિયોનેર ડીસને આ જમીન ૨૦૦૯માં ઈ૨૬ મિલિયનમાં ખરીદી હતી. આ મહેલ તેના પર

## અમેરિકન અબજોપતિ ડાર્વિન ડીસનની ભવ્ય હવેલી ધ સેન્ડ કેસલ વેચાણ માટે સૂચિબદ્ધ

અત્યંત વૈભવી અને અનોખો કારીગરીનો મહેલ 'ધ સેન્ડ કેસલ' વેચાઈ રહ્યો છે. પ્રાઈવેટ બીચવાળા આ ભવ્ય પેલેસની કિંમત ૧૦૮ મિલિયન ડોલર (લગભગ ૯૦૮ કરોડ રૂપિયા) રાખવામાં આવી છે. સાન ડિએગોમાં આ અત્યાર સુધીની સૌથી મોંઘી મિલકત છે.

અમેરિકન અબજોપતિ ડાર્વિન ડેસનના મહેલની ભવ્યતાનો અંદાજ એ વાત પરથી ૯,૫૬૫ ચોરસ ફૂટનું મુખ્ય ઘરઃ જેમાં ૭ બેડરૂમ, ૮ બાથરૂમ, ૨ પાવર રૂમ, ૧ બાર, ૧ સ્ટડી રૂમ, ડાઈનિંગ રૂમ, લિવિંગ રૂમ અને કોર્ટયાર્ડ છે. ૩,૪૧૬ ચોરસ ફૂટનું મહેમાન નિવાસઃ ૩ શયનખંડ, ૩ બાથરૂમ, ૧ પાવર રૂમ, બાર અને ટેરેસ. ૩૫,૭૫૦ ચોરસ ફૂટના બગીચાઃ ખાનગી બીચ, પૂલ, ૨ બાથરૂમ સાથેના કેબાના, ૧ બાથરૂમ સાથે બોટ બાર, ચાનો બગીચો, શોર્સ ટેરેસ રેસિડેન્સની ડિઝાઈન ફ્રાન્સના વર્સેલ્સ શહેરમાં 'લે પેટિટ ટ્રાયનોન'ની તર્જ પર બનાવવામાં આવી છે. હોલીવુડના ધનિક અને રાજવી પરિવારો માટે ઈન્ટીરીયર ડિઝાઈન કરનારા પ્રખ્યાત ઈન્ટીરીયર ડીઝાઈનર ટિમોથી કોરીગને આ મહેલને સજાવ્યો છે. જો ધ સેન્ડ કેસલ તેની માંગેલી કિંમતે વેચે છે, તો તે સાન ડિએગો ૬૦ મિલિયન ડોલર ખર્ચીને બનાવવામાં આવ્યો હતો. બીચ માટે આયાત કરેલી સફેદ રેતીની કિંમત ઈ૪૦,૦૦૦ મળી. મિલકતમાં બે કુદરતી ગુફાઓ પણ છે જ્યારે તેને વેચવા વિશે પૂછવામાં આવ્યું ત્યારે, અબજોપતિ ડીસને કહ્યું કે તે આ મિલકતનો તેટલો ઉપયોગ નથી કરતા જેટલો તે તેના અન્ય ઘરોનો કરે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જ્યાં બુધ્ધિ શાસન કરે છે, ત્યાં સફળતા નજીક હોય છે.

- ટોમસન

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ખોરદાદ-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, આસો વદ-૧૦, તા.૨૬ ઓક્ટોબર ૨૦૨૪, શનિવાર, પારસી તા.૧૩, મુસ્લિમ તા.૨૨, આશ્લેષા નક્ષત્ર, શુક્લ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૫૪, સૂ.અ.૬:૧૬

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ), સવારે ૯:૪૬ ક. પછી જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ભાઈ-બહેનનો સહકાર મળે. પર્યટન-પ્રવાસનું આયોજન થાય.
વૃષભ:કાર્યબોજ હળવો બને. કુટુંબના મહત્વના પ્રશ્નો ઉકેલાય.
મિથુન:સંતાન સંબંધિ કાર્યમાં સફળતા મળે. મનની મૂંઝવણ દૂર થાય.
કર્ક: સ્નેહિથી મતભેદ થાય. જમીન-મકાનના પ્રશ્નો નિવારી શકશો.
સિંહ: ઉત્સાહમાં વધારો થાય. નવિન શુભ સમાચાર મળે.
કન્યા: ભાગીદારીથી આર્થિક લાભ, પડવા-વાગવાથી સંભાળવું.
તુલા: ગૃહવિવાદ નિવારી શકશો. યશ, માન, કીર્તિમાં વધારો થાય.
વૃશ્ચિક:માનસિક અસ્વસ્થતા રહે. મનની મુરાદ બર આવે.
ધન: રચનાત્મક કાર્યમાં સફળતા મળે. પ્રિયજનથી વિરહ રહે.
મકર: લાભની તક મળે. નવિન કામગીરીમાં પ્રગત્તિ થાય.
કુંભ: વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ. જીવનસાથીનો સહકાર મળે.
મીન: પ્રવાસમાં હાનિ, કાર્યબોજ હળવો બને.

# સુપ્રીમ કોર્ટે નબળા પર્યાવરણીય કાયદાઓ મામલે કેન્દ્ર સરકારને લપેટી, દંડના અમલીકરણના અભાવ ઉપર ધ્યાન દોર્યું



નવી દિલ્હી તા.૨૬

દિલ્હી-એનસીઆરમાં પ્રદૂષણની બગડતી સ્થિતિ (દિલ્હી AQI) ઉપર સુપ્રીમ કોર્ટ ખૂબ જ કડક દેખાઈ. પ્રદૂષણને લઈને થયેલી સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે માત્ર રાજ્ય જ નહીં પરંતુ કેન્દ્રના વલણ ઉપર પણ ગંભીર ટિપ્પણી કરી છે. ગયા અઠવાડિયે આ જ કેસની સુનાવણી કરતી વખતે, કોર્ટે હરિયાણા અને પંજાબ સરકારોને પણ પલાળીને બાળી રહેલા ખેડૂતો સામે પગલાં ન લેવા બદલ ફટકાર લગાવી હતી. આ ઉપરાંત બંને રાજ્યોના મુખ્ય સચિવોને પણ સમન્સ મોકલવામાં આવ્યા હતા. આ કેસની સુનાવણી કરી રહેલી જસ્ટિસ અભય ઓકા, જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને જસ્ટિસ એજી મસીહની ખંડપીઠે આજે કેન્દ્ર સરકારને ફટકાર લગાવી હતી અને કહ્યું હતું કે કેન્દ્રએ કોઈ મશીનરી બનાવી નથી. પર્યાવરણ સુરક્ષા કાયદાને પણ દાંત વગરનો બનાવી દેવામાં આવ્યો છે. કાયદો એકદમ નબળો પડી ગયો છે. તમે આ કાયદાની કલમ ૧૫ બદલીને અને સજાને દંડમાં બદલીને તમારી જાતને બચાવી લીધી છે. આ સાથે દંડ વસૂલવા માટે જે પ્રક્રિયાનું પાલન કરવું જોઈએ તે પણ અનુસરવામાં આવી રહ્યું નથી. કલમ ૧૫ એ એકમાત્ર કલમ હતી જે આ કાયદાનો અમલ કરી રહી હતી. આ અંગે ASG ઐશ્વર્યા ભાટીએ કહ્યું કે આ વિભાગ આગામી ૧૦ દિવસમાં સંપૂર્ણ રીતે કાર્યરત થઈ જશે. એએસજીએ કોર્ટને એમ પણ કહ્યું કે અમે બંને રાજ્યોને કારણ બતાવો નોટિસ જારી કરી છે, જેના ઉપર તેઓએ ખૂબ જ કડક જવાબો આપ્યા છે. તેના ઉપર જસ્ટિસ ઓકાએ કહ્યું કે, આ સૌથી પરેશાનીજનક બાબત છે. કાયદો તમને સજા કરવાનો અધિકાર આપે છે. અમારા આદેશો સ્પષ્ટપણે દર્શાવે છે કે આદેશોનું પાલન કરવામાં આવી રહ્યું નથી. તમે હજુ પણ નોટિસ મોકલી રહ્યા છો. જસ્ટિસ ઓકાએ વધુમાં કહ્યું કે, તેઓ ભારે જવાબો આપતા રહેશે અને તમે તેમને સાંભળવાની તક આપતા રહેશો અને આનાથી તેમને આદેશોને પડકારવાની તક મળશે. જો સરકારોને ખરેખર પર્યાવરણની ચિંતા હોત તો. જસ્ટિસ ઓકાએ કહ્યું કે, જો આ સરકારો ખરેખર કાયદો લાગુ કરવા માગતી હોત તો ઓછામાં ઓછા એક કેસમાં સજા થઈ હોત. ગત વખતે વકીલે સ્પષ્ટ કહ્યું હતું કે ખેડૂતો સામે પગલાં ન લેવાનું કારણ રાજકીય હોઈ શકે છે. અલબત્ત આ રાજકીય છે, બીજું શું હોઈ શકે?

# પોલીસ ભરતી પરીક્ષા અંગેના કોલ લેટરને મુદ્દે બોર્ડની જાહેરાત

## શારીરિક કસોટીના ૧૦ દિવસ અગાઉ કોલ લેટર જાહેર થશે

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત પોલીસ ભરતીની તૈયારી કરતા ઉમેદવારો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલ ટ્વીટ કરી જણાવ્યું છે કે, શારીરિક કસોટીના ૧૦ દિવસ અગાઉ કોલ લેટર જાહેર થશે તેમજ ૨૫મી નવેમ્બરની આસપાસથી શારીરિક કસોટી શરૂ થશે આઈપીએસ અધિકારી હસમુખ પટેલે ટ્વીટ કરીને માહિતી આપતા જણાવ્યું છે કે, ભરતીમાં ઉમેદવારી નોંધાવનારા વિદ્યાર્થીઓ પોતાની તૈયારીઓ ચાલુ રાખે. વધુમાં તેમણે ટ્વીટ કરી લખ્યું છે કે, પોલીસ ભરતીની શારીરિક કસોટીના કોલલેટર કસોટી શરૂ થવાના આશરે દસ દિવસ પહેલા બહાર પાડવામાં આવશે. કસોટી ૨૫ નવેમ્બર ની આજુબાજુ શરૂ થવાની સંભાવના છે. ઉમેદવારો શારીરિક કસોટીમાં પાસ થવા માટે જરૂર પ્રમાણે તૈયારી ચાલુ રાખે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે અગાઉ પોલીસ ભરતી કેલેન્ડર અને ચાલુ ભરતી બાબતે વિગતો આપી હતી. હસમુખ પટેલે માહિતી આપતાં જણાવ્યું હતું કે ૨૫ નવેમ્બર આસપાસ શારીરિક પરીક્ષા લેવાની કામગીરી ચાલુ છે. ૨૫ દિવસમાં શારીરિક પરીક્ષા પૂર્ણ કરાશે. ૧૫થી ૧૭ લોકેશન ઉપર શારીરિક પરીક્ષા લેવાશે. પહેલા પીએસઆઈ ભરતીની શારીરિક પરીક્ષા પૂર્ણ થશે. તે પછી લોકરક્ષકની ભરતી માટે શારીરિક પરીક્ષા લેવાશે. PSIની શારીરિક પરીક્ષા બાદ લેખિત પરીક્ષા શરૂ કરવામાં આવશે. PSIની સંભવિત લેખિત પરીક્ષા ડિસેમ્બર અથવા જાન્યુઆરીમાં લેવાનું આયોજન છે. પીએસઆઈ ભરતીમાં પ્રથમ ઓબ્જેક્ટિવ પરીક્ષા લેવાશે ત્યારબાદ વર્ણનાત્મક પરીક્ષા લેવાશે. જયારે લોકરક્ષકની લેખિત પરીક્ષા જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં લેવાનું આયોજન છે.

# અમદાવાદ દેશનું સાતમા નંબરનું વ્યસ્ત ઈન્ટરનેશનલ એરપોર્ટ બન્યું



અમદાવાદ,તા.૨૬

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ દેશનું સાતમા નંબરનું સૌથી વ્યસ્ત એરપોર્ટ બન્યું છે. દર ૫.૩૩ મિનિટે એક ફ્લાઈટ ચાલે છે. ગયા વર્ષની સરખામણીમાં ફ્લાઈટ મુવમેન્ટમાં ૮ ટકાનો વધારો થયો છે. હાલમાં અમદાવાદ એરપોર્ટ પરથી દરરોજ ૨૭૦ જેટલી ફ્લાઈટ્સ ઓપરેટ થાય છે. વર્ષ ૨૦૨૪ના એપ્રિલથી સપ્ટેમ્બર વચ્ચે ૬૦ લાખથી વધુ મુસાફરોએ મુસાફરી કરી છે. જેમાંથી ૫૦ લાખ મુસાફરોએ ઘરેલુ મુસાફરી કરી છે જ્યારે ૧૦ લાખ મુસાફરોએ આંતરરાષ્ટ્રીય મુસાફરી કરી છે. જેમાં દિલ્હી-મુંબઈ અને દુબઈ જનારા યાત્રિકોની સંખ્યા સૌથી વધુ છે.દિલ્હી એરપોર્ટ દેશનું સૌથી વ્યસ્ત એરપોર્ટ છે. જ્યાં દર ૧.૫ મિનિટે એક ફ્લાઈટ ઓપરેટ થાય છે. અહીં દરરોજ ૧૧૦૦થી વધુ ફ્લાઈટ્સ ચાલે છે અને મુંબઈ એરપોર્ટ બીજા સ્થાને છે, ત્યારબાદ બેંગલુરુ, હૈદરાબાદ, ચેન્નાઈ અને કોલકાતા છે. તે પછી ગુજરાતનું સૌથી મોટું એરપોર્ટ એટલે કે અમદાવાદનું સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ સાતમા નંબરે આવે છે. જ્યાં આ વર્ષના છેલ્લા છ મહિનામાં દર ૫.૩૩ મિનિટે એક ફ્લાઈટ ઓપરેટ થઈ છે.વર્ષ ૨૦૨૪માં અમદાવાદ એરપોર્ટ ઉપરથી એપ્રિલથી સપ્ટેમ્બર મહિના દરમ્યાન ૪૮૦૦૦થી વધુ ફ્લાઈટ્સ ઓપરેટ કરવામાં આવી છે. એટલે કે ગયા વર્ષની સરખામણીમાં ફ્લાઈટ મુવમેન્ટમાં ૮ ટકાનો વધારો થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં અમદાવાદ એરપોર્ટ ઉપરથી દરરોજ ૨૭૦ જેટલી ફ્લાઈટ્સ ઓપરેટ થાય છે. જ્યારે ગત વર્ષે આ સમયગાળા દરમ્યાન ૨૨૦ થી ૨૩૦ ફ્લાઈટનું સંચાલન કરવામાં આવ્યું હતું. અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કર્યા પછી અને તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કર્યા પછી, અમદાવાદ એરપોર્ટ પશ્ચિમ ભારતમાં ઘણી આંતરરાષ્ટ્રીય એરલાઈન્સ માટે પસંદગીનું એરપોર્ટ બની ગયું છે. જેના કારણે અનેક નવી કનેક્ટિવિટી પણ શરૂ થઈ છે. આવી સ્થિતિમાં મુસાફરોની સંખ્યામાં પણ વધારો થયો છે કારણ કે મુસાફરોને સીધી કનેક્ટિવિટી પણ મળે છે. ગયા વર્ષની સરખામણીમાં સ્થાનિક કનેક્ટિવિટી અને મુસાફરોની સંખ્યામાં ૯ ટકા જ્યારે આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટી અને મુસાફરોની સંખ્યામાં ૧૫ ટકાનો વધારો થયો છે. અમદાવાદ એરપોર્ટ ઉપરથી ઉપડતી ફ્લાઈટ્સ માટે દિલ્હી, મુંબઈ અને બેંગલુરુ સૌથી લોકપ્રિય સ્થળો છે. જ્યારે દુબઈ, અબુ ધાબી અને કુવૈતથી સૌથી વધુ મુસાફરો આવતા અને પ્રસ્થાન કરતા આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટી ટોચના સ્થળો તરીકે ઉભરી આવે છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદ એરપોર્ટ ઉપરથી દર વર્ષે ફ્લાઈટ ઓપરેશન્સ અને કનેક્ટિવિટી વધી રહી છે, તેથી વર્ષ ૨૦૨૪માં આંતરરાષ્ટ્રીય એરલાઈન્સે અમદાવાદથી મુસાફરોને ડાયરેક્ટ કનેક્ટિવિટી આપવા માટે નવા ડેસ્ટિનેશન શરૂ કર્યા છે.

# રાજ્યમાં હજુ પાંચ-સાત દિવસ તાપમાનમાં ત્રણ ડિગ્રી વધારો થવાની શક્યતા : બેવડી ઋતુ રહેશે

અમદાવાદ,તા.૨૬


આ વખતે ચોમાસાથી સમગ્ર દેશમાં ભારે હાલાકી સર્જાઇ હતી. વરસાદના કારણે પૂરની ઘટનાઓથી અનેક રાજ્યમાં આફત આવી હતી. આમ તો હવે શિયાળાની શરૂઆત થઈ જવી જોઈએ પણ હવામાન વિભાગે આગામી થોડા દિવસ માટે ગરમીને લઈને આગાહી કરી છે. હવામાન વિભાગનુ અનુમાન છે કે આગામી થોડા દિવસ ભારે ઉકળાટ અને આકરો તાપ પડશે.અને વાતાવરણ શુષ્ક રહેશે રાજ્યમાં તાપમાનનો પારો ૩૬થી ૩૭ ડિગ્રી નોંધાઈ શકે છે. રાજ્યના હવામાન વિભાગનું અનુમાન છે કે વરસાદની શકયતા નહિવત, ઉકળાટનું જોર વધશે. ઉત્તર-પશ્ચિમી પવનોની દિશા બદલાતા બેવડી ઋતુ રહેશે. અમદાવાદ, ગાંધીનગરમાં તાપમાન ૩૫ ડિગ્રી નોંધાઈ શકે છે. હવામાન વિભાગ મુજબ ઉત્તર-પશ્ચિમી પવનોની દિશા બદલાતા રહેશે જેને લઈને બેવડી ઋતુની અસર રહેશે. અમદાવાદ ગાંધીનગર સહિત મહત્તમ તાપમાનનો પારો ૩૫ ડિગ્રીથી વધુ નોંધાઈ શકે છે. ગરમી અને બફારાના કારણે તેમજ એક સાથે બે ઋતુના અનુભવના કારણે રોગચાળો વકરશે. તાવ શરદી ખાસી જેવા રોગ માથુ ઉચકશે તો ગરમીના કારણે બ્લડ પ્રેશર જેવા રોગ થઈ શકે છે ગરમીના કારણે અકળામણ હાર્ટ એટેકનું પ્રમાણ વધી જાય છે. દર વખતે જયારે પણ ચોમાસાની શરૂઆત થાય પરંતુ વરસાદ સાર્વત્રિક ન હોય ત્યારે આવો બફારો થાય જ છે. ઘણી વખત જયારે જૂન-જુલાઈઓગષ્ટમાં વરસાદ ખેંચાય અને એ દરમ્યાન તડકો પડે અને વાદળો ન હોય ત્યારે પણ આવો બફારો અનુભવાય છે. જો કે આ વખતે ચોમાસાની વિદાય અને શિયાળાની શરૂઆત વચ્ચે એકવાર ફરીથી ગરમી પડી રહી છે જે હવામાનની પેટર્ન બદલાઈ છે તે તરફ ઈશારો કરે છે. હવામાન વિભાગે આગામી સમયમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં વધારો થવાની આગાહી કરી છે.હજુ પાંચ-સાત દિવસ રાજ્યભરમાં મોટા ભાગ ડિગ્રી તાપમાનમાં વધારો થવાની શક્યતા છે. ગુજરાતના મોટા ભાગના શહેરોમાં તાપમાનમાં વધારો નોંધાયો છે સૌરાષ્ટ્રમાં પણ કાળઝાળ ગરમીમાં વધારો નોંધાયો છે. કચ્છમાં તાપમાનમાં વધારો જોવા મળ્યો છે.

# વિદેશમાં MBBS કરનારા ડોક્ટર્સે ગુજરાતમાં પ્રેક્ટિસ માટે પ્રતિબંધાત્મક આદેશો પાળવા પડશે

અમદાવાદ, તા.૨૬

વિદેશ અભ્યાસ કરી રાજ્યમાં પ્રેક્ટિસ કરનાર ડોક્ટર્સ માટે નવા નિયમની જાહેરાત કરાઈ છે. ગુજરાત મેડિકલ કાઉન્સિલ દ્વારા એક અગત્યની નોટિસ જાહેર કરવામાં આવી છે. હવેથી વિદેશમાં MBBS કરીને આવેલા ડોક્ટર્સે MD 'ફિઝિશિયન' કે ડોક્ટર ઓફ મેડિસિન નહીં પણ ફરજિયાત MBBS જ લખવું પડશે. જો નિયમનું પાલન નહીં કરે તો તેની સામે લાઈસન્સ સસ્પેન્ડ કરવાની સુધીની કાર્યવાહી કરવામાં આવશે. ભારત બહાર MBBS પાસ થઈને આવતા કેટલાક ડોક્ટર્સ (ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ્સ (FMGS)) કે જે દેશની MBBS લાયકાતને સમકક્ષ ડિગ્રી ધરાવતા હોવા છતાં પોતે MD 'ફિઝિશિયન' અથવા ડોક્ટર ઓફ મેડિસીન લાયકાત ધારક હોવાનું લખી જાહેર જનતાને ગેરમાર્ગે દોરતા હોય છે, તો આવા તમામ ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ્સ (FMGs)એ ફક્ત MBBS જ લખવાનું રહેશે. અન્યથા તેમના વિરૂધ્ધ નેશનલ મેડિકલ કમિશન/ગુજરાધ્ મેડિકલ કાઉન્સિલના નીતિ-નિયમો મુજબ લાયસન્સ સસ્પેન્ડ કરવા સુધીના પગલાં ભરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે. ગુજરાતમાં પ્રેક્ટિસ કરતા તમામ એલોપેથિક ડોક્ટરોએ તેઓના પ્રિસ્ક્રિપ્શન, લેટર પેડ/રબર સ્ટેમ્પ, ફીની પહોંચ, મેડિકલ સર્ટિફિકેટ વગેરે ઉપર તેઓને ગુજરાત મેડિકલ કાઉન્સિલ દ્વારા ઈશ્યૂ કરવામાં આવેલા લાયસન્સ નંબર ફરજિયાત દર્શાવવાનો રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, તમામ એલોપેથિક ડોકટરોએ ગુજરાતમાં પ્રેક્ટિસ કરવા ગુજરાત મેડિકલ કાઉન્સિલમાંથી લાયસન્સ લેવું ફરજિયાત છે. અન્ય રાજ્યનું કે MCI/NMCનું રજિસ્ટ્રેશન/લાયસન્સ હોય છતાં ગુજરાતમાં પ્રેક્ટિસ કરવા માટે ગુજરાત મેડિકલ કાઉન્સિલનું રજિસ્ટ્રેશન/લાયસન્સ લેવું ફરજિયાત છે. ગુજરાત મેડિકલ કાઉન્સિલના ધ્યાન ઉપર આવેલ છે કે, ગુજરાતમાં પ્રેક્ટિસ કરતા કેટલાક સ્પેશિયાલિસ્ટ/સુપરસ્પેશિયાલિસ્ટ ડોક્ટરો ગુજરાત મેડિકલ કાઉન્સિલનું ફક્ત MBBSનું જ રજિસ્ટ્રેશન/લાયસન્સ ધરાવે છે. પરંતુ તેમની પોસ્ટ ગ્રેજ્યુએટ MD/MS જેવી સ્પેશિયાલિટી કે MCH/DM જેવી સુપર સ્પેશિયાલિટી ડિગ્રીનું રજિસ્ટ્રેશન/લાયસન્સ લીધેલ નથી, તો આવા ગુજરાતમાં પ્રેક્ટિસ કરતા ડોક્ટરોને તેઓની MCI/NMC દ્વારા માન્યતા પ્રાપ્ત તમામ સ્પેશિયાલિટી કે સુપર સ્પેશિયાલિટી ડિગ્રીનું લાયસન્સ/રજિસ્ટ્રેશન ગુજરાત મેડિકલ કાઉન્સિલમાં કરાવવું આવશ્યક હોવાથી સત્વરે કરાવી લેવું. અન્યથા નેશનલ મેડિકલ કમિશન/ગુજરાત મેડિકલ કાઉન્સિલના નીતિ-નિયમો મુજબ લાયસન્સ સસ્પેન્ડ કરવા સુધીના પગલાં ભરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

# અંતરિક્ષ ક્ષેત્રના સ્ટાર્ટઅપ્સ માટે રૂા.૧૦૦૦ કરોડના વેન્ચર કેપિટલ ફંડ માટે કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી



નવી દિલ્હી, તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે તાજેતરમાં અવકાશ ક્ષેત્રના સ્ટાર્ટઅપ્સને મદદ કરવા માટે રૂા.૧૦૦૦ કરોડના વેન્ચર કેપિટલ ફંડની સ્થાપનાને મંજૂરી આપી હતી. આ ફંડ સેક્ટરમાં લગભગ ૪૦ સ્ટાર્ટઅપ્સને ટેકો આપશે અને ખાનગી અવકાશ ઉદ્યોગના વિકાસને વેગ આપશે તેવી અપેક્ષા છે. સરકારે કહ્યું કે, આનાથી સ્પેસ ટેક્નોલોજીમાં પ્રગતિને પ્રોત્સાહન મળશે અને ખાનગી ક્ષેત્રની ભાગીદારી દ્વારા ભારતનું નેતૃત્વ મજબૂત બનશે. મૂડી રોકાણ પછીના તબક્કાના વિકાસ માટે વધારાના ભંડોળને આકર્ષીને ગુણક અસર પણ બનાવશે.

## હરણી બોટ કાંડ બાદ શૈક્ષણિક પ્રવાસમાં બોટિંગ-રાઈડિંગ ટાળવા સૂચન

# રાજ્યભરની શાળાઓના પ્રવાસને લઈને શિક્ષણ વિભાગ દ્વારા નવી માર્ગદર્શિકા જાહેર

**જરૂર પડે તો યોગ્ય સલામતીની ચકાસણી કર્યા બાદ જ બોટિંગ રાઈડિંગ કરવા આદેશ, શૈક્ષણિક પ્રવાસ અંગે ૧૫ દિવસ પહેલાં જાણ કરવાની રહેશે, વાલીઓની સંમતિ ફરજિયાત**



અમદાવાદ, તા.૨૬

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શૈક્ષણિક પ્રવાસને લઈને નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. હરણીબોટ કાંડ બાદ શૈક્ષણિક પ્રવાસ ઉપર બ્રેક વાગ્યા બાદ હવે નવી માર્ગદર્શિકા જાહેર થતાં શૈક્ષણિક પ્રવાસ ફરી શરૂ થશે. નવી માર્ગદર્શિકામાં શૈક્ષણિક પ્રવાસ વખતે બોટિંગ- રાઈડિંગ બને ત્યાં સુધી ટાળવા માટે સુચન કરાયું છે. આમ, છતાં જો બોટિંગ કે રાઈડીંગ કરવાની થાય તો જરૂરી સલામતીની ચકાસણી કર્યા બાદ જ કરવા અને બોટિંગ વખતે એક ગ્રુપ સાથે એક શિક્ષક કે કર્મચારી બેસે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. પ્રવાસ માટે ૧૫ દિવસ પહેલા શિક્ષણ વિભાગના અધિકારી, આરટીઓ અને પોલીસને જાણ કરવાની રહેશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની શાળાઓમાં વિદ્યાર્થીઓના ઘડતરને ધ્યાને લઈને શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવતું હોય છે. પ્રવાસ વખતે આગ, અકસ્માત કે અન્ય અનિચ્છનીય બનાવ કે દુર્ઘટના ન બને તેમજ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સંપૂર્ણ સલામતી તેમજ સુરક્ષા જળવાય તે માટે શાળાઓ દ્વારા થતાં શૈક્ષણિક પ્રવાસના આયોજન અંગેની માર્ગદર્શક સૂચનાઓ પ્રસિધ્ધ કરવા અંગેની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. જેથી વિચારણાના અંતે સરકાર દ્વારા આ અંગેનો ઠરાવ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. સરકારના શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલા ઠરાવ અનુસાર, શૈક્ષણિક પ્રવાસના આયોજન માટે શાળાના આચાર્યની અધ્યક્ષતામાં વિદ્યાર્થીઓના વાલી પ્રતિનિધિ સહિત 'સમિતિ'ની રચના કરવાની રહેશે. ઉપરાંત સ્થળો સંબંધી વ્યવસ્થા, રૂટ, જોખમો, પ્રવાસના લાભાલાભ વગેરે બાબતોની વિસ્તૃત ચર્ચા કર્યા પછી વિદ્યાર્થીઓના વયજુથ અનુસાર પ્રવાસના સ્થળોની પસંદગી કરવાની રહેશે. શૈક્ષણિક પ્રવાસના પ્રકાર અનુસાર રાજ્યના અંદરનો પ્રવાસ હોય તો સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શાસનાધિકારીને, રાજ્ય બહારનો પ્રવાસ હોય તો કમિશનર ઓફ સ્કૂલ તથા પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીને તેમજ વિદેશ પ્રવાસ હોય તો શિક્ષણ વિભાગને તમામ વિગતો સાથે પ્રવાસ શરૂ થવાના ૧૫ દિવસ પહેલાં અવશ્ય જાણ કરવાની રહેશે. જેમાં સમગ્ર પ્રવાસના પ્રતિદિનના કાર્યક્રમની જાણ કરવાની રહેશે.

પ્રવાસ દરમ્યાન જળાશયોમાં 'બોટિંગ-રાઈડીંગ' બને ત્યાં સુધી ટાળવું. આમ, છતાં બોટિંગ-રાઈડીંગ કરવાનું નક્કી થાય તો બોટમાં ક્ષમતા કરતાં વધુ વિદ્યાર્થીઓને બેસાડવા નહીં તેમજ વિદ્યાર્થીઓના દરેક ગ્રુપ સાથે એક શિક્ષક કે કર્મચારી સાથે બેસે તે સુનિશ્ચિત કરવું તેમજ લાઈફ જેકેટ અને સલામતીના અન્ય સાધનોનો ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. પ્રવાસ દરમ્યાન જોખમી સ્થળોની (એડવેન્ચર કેમ્પ, રાઈડ્સ) મુલાકાત ટાળવી અને શૈક્ષણિક હેતુ સિદ્ધ થાય તે પ્રકારના પ્રવાસનું આયોજન કરવાનું રહેશે. પ્રવાસ દરમ્યાન તરણ સ્પર્ધા જેવી જોખમી સ્પર્ધા કે તેવી પ્રવૃતિઓ કરવાની કે તેમાં ભાગ લેવાની રહેશે નહીં. પ્રવાસ વખતે એક જવાબદાર અને અનુભવી વ્યક્તિની પ્રવાસના 'કન્વીનર' તરીકે નિમણૂક કરવાની રહેશે તથા આયોજન મુજબ જ મુસાફરી થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

### GPS હોય તેવા વાહનની જ પ્રવાસ માટે પસંદગી કરવાની રહેશે

શૈક્ષણિક પ્રવાસ દરમિયાન ફર્સ્ટ એડ કીટ સાથે રાખવાની રહેશે, તેમજ ઋતુ પ્રમાણે સ્થળોની પસંદગી કરવાની રહેશે. પ્રવાસમાં વાહનમાં GPS ટ્રેકીંગ સિસ્ટમ હોય તેવા જ વાહન પસંદ કરવાના રહેશે તથા બસ ડ્રાઈવર તથા બસના સ્ટાફ કેફી પદાર્થનું સેવન કરતા ન હોય તેની ખાતરી કરવાની રહેશે. પ્રવાસના વાહનમાં સંબંધિત પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (R.T.O.) દ્વારા આપેલી પરમીટ મુજબ જ નિયત સંખ્યા પ્રમાણે પ્રવાસનું આયોજન કરવાનું રહેશે. પ્રવાસ દરમ્યાન રાજ્યમાં કે રાજ્ય બહાર આલ્કોહોલ, કેફી પ્રવાહી કે પદાર્થો વિદ્યાર્થીઓ કે અન્ય કોઈપણ સ્ટાફ તેમજ વાહન ચાલક દ્વારા લેવામાં ન આવે તેની સંપૂર્ણ તકેદારી રાખવાની રહેશે. પ્રવાસમાં લેવાના વાહનમાં ફાયર સેફટીના સાધન પૂરતા પ્રમાણમાં હોવા જરૂરી છે તથા તેના ઉપયોગની પૂરતી તાલીમ તથા જાણકારી તમામ સ્ટાફ તથા વિદ્યાર્થીઓને અગાઉ આપવાની રહેશે.


### રાત્રિ રોકાણ સ્થળે મોડામાં મોડા ૧૦ વાગ્યા સુધીમાં પહોંચવાનું રહેશે

રાત્રિ રોકાણ માટે સલામતીભર્યું સ્થળ પસંદ કરવું અને શક્ય હોય ત્યા સુધી મોડામાં મોડા રાત્રિના ૧૦ કલાક સુધીમાં રોકાણના સ્થળે પહોંચી જવાનું રહેશે. વિદ્યાર્થીઓના રાત્રિ રોકાણ માટે સ્વચ્છ આરોગ્યપ્રદ અને સલામત સ્થળની પસંદગી કરવી તથા ભોજનની ગુણવત્તાની ચકાસણી કરવી. જેથી કોઈ આકસ્મિક ફૂડ પોઈઝનીંગ જેવી દુર્ઘટના નિવારી શકાય. બસમાં મુસાફરી કરનારા તમામ જેમાં ડ્રાઈવર તથા તેના સહાયક સ્ટાફ તેમજ પ્રવાસમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ વગેરેની જરૂરી માહિતી સાથેના ઓળખકાર્ડ અચૂકપણે સાથે રાખવાના રહેશે.

જે વિદ્યાર્થીઓ સામેલ થવાના હોય તેમના વાલીઓ સાથે બેઠક યોજીને તેમને સૂચિત પ્રવાસ આયોજનથી અવગત કરી તેમની સંમતિ મેળવવાની રહેશે. જો વાલી કોઈ કારણસર આવેલા ન હોય ત્યારે વિદ્યાર્થી મારફત વાલીની સંમતિ મેળવવી, આવી સંમતિ લેખિતમાં લેવી તેમજ વિદ્યાર્થીઓના માતાપિતા/વાલીના આઈ.ડી.પ્રુફ તથા મોબાઈલ નંબર મેળવવા અને સંમતિ આપેલી હોવાની ખાતરી કરવાની રહેશે. પ્રવાસ મરજિયાત રહેશે કોઈ પણ વિદ્યાર્થી કે તેના વાલીને પ્રવાસ માટે ફરજ પાડી શકાશે નહીં. પ્રવાસ વખતે ૧૫ વિદ્યાર્થી દીઠ ઓછામાં ઓછા એક શિક્ષકને પ્રવાસમાં જોડવાના રહેશે. જ્યાં છોકરા અને છોકરીઓનો સંયુક્ત પ્રવાસ હોય ત્યાં મહિલા કર્મચારી સામેલ કરવા તથા તેમના માટે સલામતીની પૂરતી કાળજી રાખવાની રહેશે.

# સાળંગપુર હનુમાનજી મંદિર પરિસરમાં આધ્યાત્મિક સ્થળનું અને ગુજરાતનું પહેલું ૧૧૦૦ રૂમનું ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવન બનીને તૈયાર

## સેવન સ્ટાર હોટેલને ટક્કર આપે એવા યાત્રિક ભવનનું લોકાર્પણ ૩૧મી ઓક્ટોબરે ગૃહમંત્રી અમિત શાહ કરશે



સાળંગપુર તા. ૨૬

સાળંગપુર હનુમાનજી મંદિરના પરિસરમાં ૨૦૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે વિશ્વના દરેક આધ્યાત્મિક સ્થળનું અને ગુજરાતનું પહેલું સૌથી વધુ રૂમવાળું ૧૧૦૦ રૂમનું શ્રી ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવન બનીને તૈયાર થઈ ગયું છે. આ ૮ ફ્લોરવાળા ગેસ્ટ હાઉસનું લોકાર્પણ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને વડતાલ ગાદીના આચાર્ય મહારાજ શ્રી૧૦૦૮ રાકેશપ્રસાદજી તથા સંતોના હસ્તે ૩૧ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ થશે. મહત્ત્વનું છે કે, હરિપ્રકાશદાસજી સ્વામી સંકલ્પથી તથા કોઠારીસ્વામી શ્રી વિવેકસાગરદાસજી અથાણાવાળાના માર્ગદર્શનથી અને વડતાલ ટેમ્પલ બોર્ડના સહકારથી આ રાજમહેલ જેવું શ્રી ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવનનું નિર્માણ કરાયું છે.

સાળંગપુરમાં દિવસે અને દિવસે દાદાના દર્શન લાખો ભક્તો ઊમટી રહ્યા છે. આ દાદાના ભક્તોને કોઈ તકલીફ ન પડે એ માટે મંદિરના સંતો દ્વારા સેવન સ્ટાર હોટેલને ટક્કર આપે એવું ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવન બનાવવામાં આવ્યું છે. આ ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવન કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરની ડાબી બાજુ થોડાક અંતરે અને નવાં ભોજનાલયની એકદમ પાછળ બનાવાયું છે. અહીં ૨૦ વિઘા જમીનમાં ઊભા કરાયેલા યાત્રિક ભવનની ભવ્યતા આખો આંજી દે એવી છે. જેના બિલ્ડીંગનું ૯ લાખ સ્કવેર ફૂટમાં કન્સ્ટ્રક્શન કરાયું છે. ૮ ફ્લોરવાળું અને ૧૦૮ ફૂટ ઊંચુ આ બિલ્ડીંગ ૩૪૦ કોલમ પર ઊભું કરાયું છે.

રાજમહેલ જેવા દેખાતા આ બિલ્ડીંગનું એલીવેશન ઈન્ડિયન રોમન સ્ટાઈલનું છે. આ બિલ્ડીંગની ડિઝાઈન ચારથી પાંચવાર બનાવવામાં આવી હતી. એ પછી અત્યારની ડિઝાઈન સંતોએ ફાઈનલ કરી હતી. બિલ્ડીંગમાં એન્ટર થતા જ ઈન-આઉટ માટે બે રેમ્પ બનાવ્યા છે. જ્યાંથી અંદર પ્રવેશતા જ ઈન્ટરનેશનલ એરપોર્ટના લોન્જને ટક્કર મારે એવું રિસેપ્શન એરીયા બનાવ્યું છે. અહીંથી યાત્રિકો ગણતરીની મિનિટોમાં જ રૂમ બુક કરાવી શકે છે. યાત્રિકો માટે કુલ ૧૦૦૦થી વધુ રૂમ ઉપલબ્ધ છે. જેમાં ૫૦૦ AC અને ૩૦૦ નોન AC રૂમ, ૫ સર્વન્ટ હોલ, ૧૪ સ્ટોર રૂમ. યાત્રિકો પોતાના રૂમમાં આરામથી જઈ શકે એ માટે સીડી ઉપરાંત ૧૦ હાઈસ્પીડ એલિવેટર (લિફ્ટ)ની સુવિધા પણ છે.

શ્રી ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવનમાં આખા બિલ્ડિંગમાં એક સાથ એક રૂમમાં પાંચ એમ ૧૦૦૦થી વધુ રૂમમાં ૫,૦૦૦ થી વધુ લોકો આરામથી રહી શકશે. આ બિલ્ડિંગમાં ૪૦૦ AC રૂમ દીઠ એકનું મેનઈટનન્સ ભાડુ ૧૫૦૦ રૂપિયા અને ૩૦૦ નોન AC રૂમ ૮૦૦ રૂપિયા રહેશે. જેમાં એક-એક રૂમમાં ચાર સિંગલ બેડ અને એક ગાદલુ, રજાઈ અને ઓશીકું અને ખુરશી પણ આપવામાં આવશે. તો ૪૫ સ્યૂટ રૂમ દીઠ એકનું મેઈન્ટનન્સ ભાડુ ૩ હજાર રૂપિયા હશે. જેમાં દરેક રૂમમાં ૪ સિંગલ બેડ અને એક ડબલ બેડ, ટેબલ અને ખુરશી વીથ ફર્નિચર હશે.

શ્રી ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવનમાં દરેક ફ્લોરમાં ૬-૬ પાણીની પરબ અને કોમન ટોઈલેટ-બાથરૂમની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. સિનિયર સિટિઝનોને ધ્યાને રાખીને ગ્રાઉન્ડ ફ્લોર પર કેન્ટીનની વ્યવસ્થા કરાઈ છે.આ કેન્ટીનની સાઈઝ ૧૨ હજાર સ્કવેર છે. જેમાં ૨૦૦ લોકો સ્વખર્ચે નાસ્તો કરી શકશે. મહત્વનું છે કે નૂતન ભોજનાલયમાં ભક્તો અને યાત્રિક નિઃશુલ્ક નાસ્તો અને ભોજન પ્રસાદ લઈ શકશે. આ આખા બિલ્ડિંગના ફ્લોરની અલમોસ્ટ મશીન દ્વારા સફાઈ કરશે. આ બિલ્ડિંગમાંથી એક લોન્ડ્રી રૂમ પણ બનાવવામાં આવ્યો છે. આ બિલ્ડીંગ ૧૦૦ લોકોના સ્ટાફથી ઓપરેટ થશે.

શ્રી ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવનમાં ૩૦૦થી વધુ હાઈટેક સીસીટીવી કેમેરા લગાવાયા છે. આ યાત્રિક ભવનમાં બરવાળાથી આવતા જ મંદિર પહેલા મુખ્ય ગેટથી કરી શકાશે નહીં. અહીં પાર્કિંગ પણ ખૂબ જ વિશાળ છે. જેમાં ૨૫૦૦થી વધુ કાર, ૧ હજાર ટુવ્હીલર અને ૫૦ બસ આરામથી પાર્ક થઈ શકે છે. આ પાર્કિંગ બિલ્ડીંગની બંને બાજુ બનાવવામાં આવ્યા છે.

શ્રી હરિપ્રકાશદાસજી સ્વામીએ જણાવ્યું કે, "સાળંગપુરમાં વિશ્વનુ આધ્યાત્મ જગતનું અને ગુજરાતનું ભવ્યાતિભવ્ય ૧૧૦૦રૂમવાળું શ્રીગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવન બનીને તૈયાર થઈ ગયું છે. જેનું લોકાર્પણ માનનીય ગૃહમંત્રી અમિત શાહ, વડતાલ ગાદીના આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજ, વડીલ સંતો અને વડતાલ ટેમ્પલ બોર્ડ દ્વારા ૩૧ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ કરાશે.." શ્રી હરિપ્રકાશદાસજી સ્વામીએ શ્રી ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવનની ડિઝાઈન અંગે ખાસ જણાવ્યું કે, "ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવનની ડિઝાઈનમાં વૈદિક અને વિજ્ઞાનિક લોજિક છે. પહેલી પતંગિયાની વિશેષતા છે કે, શાંતિનું પ્રતિક છે, તે ક્યારેય કોઈને કોઈ જાતનો ઉપદ્રવ કરતું નથી. બીજી પતંગિયાની વિશેષતા છે કે, તે પ્રકાશનો પૂજારી છે પ્રકાશમાં પતંગિયાને આકર્ષણ છે તે અંધકારનો પૂજારી નથી. ત્રીજી પતંગિયાની વિશેષતા છે કે, પંતગિયું સુગંધનું ચાહક છે. ચોથી પતંગિયાની વિશેષતા છે કે, તે અતિ સુંદર છે. પતંગિયું એટલું બધું સુંદર છે કે, ભગવાને તેને એટલું મસ્ત બનાવ્યું છે. ક્યારેય પતંગિયાએ કોઈને હેરાન કર્યા હોય એવો એકપણ દાખલો અત્યાર સુધી નથી. એટલે અમે આ મુજબ વિચાર્યું કે, પતંગિયું શાંતિનું પ્રતિક છે, પંતગિયું પ્રકાશનું પૂજારી છે, પતંગિયું સુંદરતાનું પ્રતિક છે અને પતંગિયું સુગંધનું ચાહક છે. એટલે જે કોઈ ભક્ત આ ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવનમાં આવે તેના માટે અમે એવું વિચાર્યું છે કે, એના માટે અમે એવું વિચાર્યું છે કે, તેમને પ્રકાશ, શાંતિ, સુગંધ અને પ્રકાશ મળે. કારણ કે, દાદાના દરબારમાં આવે તે કોઈ દિવસ અંધકાર કે, અંધશ્રદ્ધાનો પૂજારી હોય જ નહીં. તે શ્રદ્ધા, વિશ્વાસ, આત્મનિષ્ઠા અને ભક્તિ જેનામાં હોય એ જ દાદાના દરબારમાં આવે છે. હું ગેરંટી આપીને કહું છું કે, દાદાના દરબારમાં હર વ્યક્તિ કા વિશ્વાસપૂર્ણ હોતા હૈ."

# શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશનના દશાબ્દી વર્ષની ઉજવણીએ સો વર્ષ નિઃશુલ્ક સેવાનો સંકલ્પ

## વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલમાં અત્યાર સુધી ૧૯,૫૦,૦૦૦ દર્દી નારાયણની નિઃશુલ્ક સારવાર કરવામાં આવી






અમદાવાદ તા.૨૬

ચાલો સાથે મળીને દર્દી નારાયણની સેવા કરીએના સંકલ્પ સાથે સાવરકુંડલા ખાતે વર્ષ ૨૦૧૫માં શરૂ કરવામાં આવેલી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરની શરૂઆત શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી હતી. જેના આજે ૧૦ વર્ષ પૂર્ણ થવા આવ્યા છે. વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલમાં અત્યારસુધી ૧૯,૫૦,૦૦૦ દર્દીઓની નિઃશુલ્ક સારવાર કરવામાં આવી છે. આ આરોગ્ય મંદિરના દશાબ્દી વર્ષની ઉજવણી તેમજ આવતા સો વર્ષ સુધી શ્રી વિદ્યાગરૂ ફાઉન્ડેશન દ્વારા અવિરત સેવા કરવાનો સંકલ્પ તેમજ અમદાવાદ શહેરના જાણીતા હૃદયરોગ નિષ્ણાંત ડો. રમેશ કાપડીયાના સન્માન પર્વની ઉજવણી આવતીકાલે નારાયણી રિસોર્ટ ખાતે કરવામાં આવશે.

શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશનના ફાઉન્ડર ટ્રસ્ટી અને લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના સંસ્થાપક ડો. નંદલાલ માનસેતાએ જણાવ્યું હતું કે પરમ વંદનીય પ્રાતઃ સ્મરણીય પૂ. ગાંધી બાપુ કહેતા કે કોઈપણ કાર્યની શરૂઆત કરો તો નાનામાં નાના (છેવાડા) માણસનો વિચાર કરીને અમલીકરણ કરવું જે વિચારને અનુસરી વર્ષ ૨૦૧૫થી સતત દિવસ-રાત ૨૪ કલાક અવિરત ચાલતો દર્દી નારાયણનો યજ્ઞ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર પ.પૂ. વંદનીય સંત શ્રી મોરારીબાપુના આશીર્વાદથી શરૂ થયો હતો. જેના દશાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપે આવતા સો વર્ષ સુધી શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા અવિરત નિઃશુલ્ક સેવા કરવાનો સંકલ્પ કરવામાં આવશે, તેમજ હૃદયરોગ નિષ્ણાંત ડો. રમેશ કાપડિયાના સન્માન સાથે કરવામાં આવશે. વર્તમાન સમયમાં દરેક વયજૂથના લોકો હૃદયરોગની પીડાથી પીડાતા હોય છે. શહેરના જાણીતા હૃદયરોગ નિષ્ણાંત ડો. રમેશ કાપડિયાની હૃદયરોગ સંબંધિત સારવારથી રાજ્યના ઘણાં લોકોને તેઓની હૃદયરોગ સંબંધિત તકલીફોમાં ફાયદો થયો છે, જેમની સારવાર પધ્ધતિની કદરનો ભાગરૂપે તેમનું સન્માન શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવશે.

લોલાલ મોતાએ વધુમાં જણાવ્યું હતું કે વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર (મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ)માં ૧૦૮ પથારી, હૃદયરોગની ઈમરજન્સી સારવાર માટે ૧૨ આઈસીયુ બેડ કાર્યરત છે હોસ્પીટલમાં ૩૧ વિવિધ નિષ્ણાત ડોકટરોમાં એમડી, ઓર્થોપેડીક સર્જન, કેન્સર સર્જન, આંખના સર્જન, ફિઝયોથેરાપીસ્ટ, જનરલ સર્જનનો સમાવેશ થાય છે. આ સિવાય હોસ્પીટલમાં અદ્યતન પેથોલોજી લેબોરેટરી, ડાયાલિસિસ સેન્ટર પણ કાર્યરત છે. અત્યાર સુધીમાં શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર (મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પીટલામાં ૧૯,૫૦,૦૦૦ દર્દી નારાયણની સારવાર નિઃશુલ્ક કરવામાં આવી છે. હોસ્પીટલમાં સારવાર લેવા આવનારા દર્દીને જો દાખલ કરવામાં આવે તો તેમની રહેવા ખાવા-પીવા તેમજ જ્યારે દર્દીને રજા આપવામાં આવે છે ત્યારે તેમને ૧૫ દિવસની દવા ફ્રીમાં આપવામાં આવે છે. રોજના એક હજાર દર્દીઓ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના ઓપીડીમાં આવે છે. ગામડામાં વસતા ઘણા એવા દર્દીઓ હોય છે કે જેઓની પાસે હોસ્પિટલ સુધી આવવાનું ભાડું સુધ્ધા નથી હોતું. આવા દર્દીઓ માટે પરે બેઠાં કી દવા મળી રહે તે માટે સંસ્થા દ્વારા હરતું-ફરતું દવાખાનું કાર્યરત કરવામાં આવ્યુ છે.

# માણાવદરના દગડ ડેમ પાસેના મૃત ઢોરવાડાની ૧ કિ.મી. સુધી ભયાનક દુર્ગંધ પ્રજા માટે ઘાતક

માણાવદર તા. ૨૬

માણાવદર શહેરમાં દગડ ડેમ પાસે ખુલ્લામાં મૃત ઢોર, પશુઓના વાડાએ સમગ્ર પંથકમાં હાહાકાર મચાવી દીધો છે. હાલ આ મૃત ઢોરવાડાની ૧ કિ.મી. સુધી ભયાનક દુર્ગંધ ફેલાયેલ છે અને આજુબાજુના ડેમ અને તળાવના શુધ્ધ પાણી દુષીત થતું હોવાની આમ જનતામાંથી ફરીયાદ ઉઠવા પામી છે. આ બાબતે રાજકીય અગ્રણીઓએ તંત્રને રજુઆત પણ કરેલ હોવા છતાં કોઈ ઉકેલ આવેલ નથી. આ બાબતે તાત્કાલીક યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માણાવદર પંથકની જનતામાંથી માંગણી ઉઠવા પામી છે.

# શિયાળુ પિયત માટે વહેલી તકે ખેડુતોને ખાતર આપવા ધારાસભ્યની માંગ

માણાવદર તા. ૨૬

માણાવદરના ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણીએ કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલને રૂબરૂ પત્ર પાઠવી શિયાળુ પિયત માટે પાયાના ખાતરો વહેલી તકે ખેડુતોને મળે તે માટે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે જેથી શિયાળુ પાકો જેવા કે ઘઉં, ચણા, જીરૂં, ધાણાનું વાવેતર પુષ્કળ થવાનું હોય ડીએપી ખાતર અને એનપીકે ખાતરની તીવ્ર અછત જણાતી હોય જેથી ખેડુતોની માંગણી મુજબ ખાતરનો જથ્થો ફાળવવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

# સોમનાથ-પ્રભાસ પાટણ પોલીસ દિવાળી પર્વના બંદોબસ્ત માટે સજ્જ

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૬



વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરે દિવાળીના તહેવારોમાં યાત્રિકો-પ્રવાસીઓની ભારે ભીડને અનુલક્ષીને પ્રભાસ પાટણ પોલીસે સોમનાથ મંદિરથી ત્રિવેણી બાયપાસ, શંખચક્ર મંદિર આસપાસ ગીર સોમનાથ જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ પ્રભાસ પાટણ પોલીસ ઈન્સ્પેકટર એમ.વી. પટેલે સજ્જતા સાથે સજ્જડ પોલીસ બંદોબસ્ત તા.૩૧ ઓકટો.થી તા.૩-૧૧-૨૪ સુધી ગોઠવલ છે. જેમાં ૩૭ પોલીસ જવાનો સ્થાનિક, ૩૫ બહારગામથી આવેલા, એક પીઆઈ અને બે પીએસઆઈ, ટીઆરબી જવાનો ૨૫ અને તેની મદદમાં ૪ પોલીસ જવાનો બંદોબસ્તમાં રખાયા છે. વાહન પાર્કિંગ માટે જુદા જુદા સ્થળો નિશ્ચિત કરાયા છે.

# દ્વારકાધીશ મંદિર નજીક ગેરકાયદેસર રીતે પ્રાઈવેટ પાર્કિંગ ચલાવાતું હોવા અંગે દ્વારકા પ્રાંત અધિકારીને રાવ : પગલા લેવા માંગ

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨૬

યાત્રાધામ દ્વારકામાં આવેલ સુપ્રસિધ્ધ દ્વારકાધીશ જગતમંદિર નજીક કોઈ ઈસમો દ્વારા કથિત રીતે ગેરકાયદેસર પાર્કિંગ ચલાવવામાં આવતું હોવા અંગે દ્વારકા પ્રાંત અધિકારીમાં ફરીયાદ કરાઈ છે.

પ્રાપ્ત વિગત અનુસાર દ્વારકાના જાગૃક નાગરિક મનીષભાઈ જોશી દ્વારા તાજેતરમાં દ્વારકા પ્રાંત અધિકારીને લેખીત ફરીયાદ કરી જણાવાયેલ કે જગતમંદિર નજીક ગોહેલવાળી ગલીમાં અમૂક ઈસમો દ્વારા ગેરકાયદેસર રીતે પ્રાઈવેટ પાર્કિંગ ચલાવવામાં આવી રહયુ છે જેના કારણે આસપાસના રહેણાક વિસ્તારના લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહયો છે. જેથી આવા કથિત રીતે ગેરકાયદેસર રીતે ચલાવાતા પાર્કિંગ અંગે યોગ્ય ચકાસણી કરી કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે.




દ્વારકા પ્રાંત અધિકારી દ્વારા આ મામલે ગંભીરતા દાખવી દ્વારકા મામલતદાર કચેરી, નગરપાલીકાના ચીફ ઓફીસર તથા દ્વારકાના પી.આઈ.ને સીઆરપીસીની કલમ ૧૩૩ હેઠળ કરવા યોગ્ય છે કે કેમ તે અંગે ખૂલાસો માંગવામાં આવ્યો છે. નાનકડા એવા દ્વારકા શહેરમાં બનેલ બનાવ પ્રબુધ્ધ નાગરિકોમાં તેમજ સ્થાનીકોમાં ભારે ચર્ચાસ્પદ બની ગયો છે.

# ઉના શાહ એચ.ડી. હાઈસ્કુલમાં શિક્ષકોનો સન્માન, નિવૃતિ સમારોહ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૬

ઊના તાલુકા કેળવણી મંડળ સંચાલિત શાહ એચ.ડી. હાઈસ્કૂલ - ઊના ખાતે તા. ૨૪-૧૦-૨૦૨૪ના રોજ વયનિવૃત્ત થઈ રહેલા જે.એન.પાઠક અને જે.જી.ભટ્ટનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો. જેમાં તાલુકા કેળવણી મંડળના પ્રમુખશ્રી જીતુભાઈ સેઠ માનદ મંત્રી કે. ડી.દેસાઈ અને ટ્રસ્ટીશ્રી ચંદુભાઈ છગ, રાધેભાઈ,રાકેશભાઈ તેમજ શાળાના આચાર્ય ડો.કે.જે. ગોસ્વામી તથા સમગ્ર સ્ટાફની હાજરીમાં આ વિદાય-સન્માન સમારોહ યોજાયો હતો. બંને નિવૃત્ત થતા શિક્ષકોને શાલ અને સન્માનપત્ર એનાયત કરી તેઓની સેવાને નવાજવામાં આવેલ હતી. આ પ્રસંગે સન્માનપત્રનું વાંચન જે.જે.વિરાણી અને આર.બી. કેશવાલા દ્વારા કરવામાં આવેલ તેમજ જે.એસ. રામદત્તી અને એ.એન. ચાપાનેરા દ્વાર પ્રતિભાવો આપવાની સાથોસાથ કેળવણી મંડળ વતી કે.ડી. દેસાઈ તથા રાધેભાઈ દ્વારા શિક્ષકોને બિરદાવવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જે.જે.દામોદર દ્વારા તેમજ પ્રાર્થના વી.જે.મહાકાલ અને શાબ્દિક સ્વાગત ડી.એચ.સોલંકી દ્વારા કરવામાં આવેલ હતું.

# સોમવારથી દિપાવલી પર્વની ઉજવણીનો પ્રારંભ : બજારોમાં ધુમ ગરદી



## રમા એકાદશી, ધનતેરસ, માસીક શિવરાત્રી, કાળી ચૌદશ, દિવાળી, નૂતન વર્ષ, ભાઈબીજ, લાભ પાંચમ સહિતના પર્વની ઉજવણી માટે લોકો સજ્જ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૬

દિપાવલી અને નૂતન વર્ષના તહેવારોને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે દિવાળીની રોનક જાણે બજારોમાં ફરી વળી હોય અને તમામ બજારોમાં તેજીનો દોર શરૂ થયો છે. ખાસ કરીને દિપાવલી પર્વની ઉજવણીની શ્રૃંખલા આગામી સોમવારથી શરૂ થઈ રહી છે અને છેક દેવ દિવાળી સુધી આ ઉજવણીનો માહોલ રહેનાર છે ત્યારે જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં લોકોમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે.

આ વર્ષે જુન માસથી શરૂ થયેલું ચોમાસું ઓક્ટોબરના એન્ડ સુધી સતતને સતત ચાલું રહ્યું હતું. સતતને સતત પડી રહેલા આ વરસાદના કારણે એક તરફ ખેતપાકોને ભારે નુકસાન પહોંચ્યું છે તો બીજી તરફ દિપાવલી જેવા તહેવારો માથે આવી રહ્યા હોય પરંતુ પરંપરાગત રીતે તહેવારો ઉજવવા માટે દિવસો પહેલા તૈયારી જે થતી હતી તે આ વર્ષે થઈ શકી નથી. આમ જોવા જઈએ તો નવરાત્રી બાદ દિવાળીના તહેવારોને લઈને બજારોમાં તેજીનો દોર શરૂ થઈ જતો હોય છે. આ વર્ષે સતત વરસી રહેલા વરસાદના કારણે લોકોમાં માનસિક રીતે હજુ તહેવારો ઉજવવા સજ્જ થયા ન હતા પરંતુ છેલ્લા બે દિવસથી ચોમાસાએ વિદાય લીધી હોય તેવો માહોલ સર્જાયો છે અને શિયાળાની ઋતુ શરૂ થઈ ગઈ હોય તેવા માહોલ વચ્ચે લોકો પણ છેલ્લે-છેલ્લે પણ તહેવારોને ઉજવવા સજ્જ બની ગયા છે. જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રના લોકોની એક ખાસીયત છે કે, ગમે તેવી સ્થિતિ હોય પરંતુ તહેવારોની ઉજવણી હટકે કરવી ત્યારે જૂનાગઢવાસીઓ પણ દિપાવલીના આગમનને વધાવવા ભારે ઉત્સાહિત બન્યા છે અને ગઈકાલથી જ રાત્રીના વિવિધ વિસ્તારોમાં ફટાકડાની આતશબાજી સાથે તહેવારોનું જાણે સ્વાગત કરવામાં આવ્યું હોય તેવો માહોલ રહ્યો હતો. દિપાવલીના તહેવારોની ઉજવણીનો પ્રારંભ આગામી સોમવારથી જ થવાનો છે ત્યારે આ તહેવારોની વિગત જાણીએ તો તા.૨૮-૧૦-૨૦૨૪ સોમવાર આસો વદ અગીયારસ, રમા એકાદશી, વાઘ બારસ, તા.૨૯-૧૦-૨૦૨૪ મંગળવાર આસો વદ બારસ એટલે ધનતેરસ, તા.૩૦-૧૦-૨૦૨૪ બુધવાર આસો વદ તેરસ, માસિક શિવરાત્રી, તા.૩૧-૧૦-૨૦૨૪ ગુરૂવાર આસો વદ ચૌદસ, કાળી ચૌદસ અમાસ ૧૫.૫૨ પછી, તા.૧-૧૧-૨૦૨૪ શુક્રવાર આસો વદ ત્રીસ દિવાળી લક્ષ્મી પુજન, તા.૨-૧૧-૨૦૨૪ શનિવાર કાર્તક સુદ એકમ, નૂતન વર્ષ, પડવો, અન્નકુટ, તા.૩-૧૧-૨૦૨૪ રવિવાર કારતક સુદ બીજ, ભાઈબીજ, તા.૬-૧૧-૨૦૨૪ બુધવાર કારતક સુદ પાચમ, લાભ પાંચમ, તા.૧૨-૧૧-૨૦૨૪ મંગળવાર કારતક સુદ ૧૧ દેવ ઉઠી એકાદશી, તા.૧૫-૧૧-૨૦૨૪ શુક્રવાર કારતક સુદ ૧૫ દેવ દિવાળી, વ્રતની પૂનમ વિગેરે તહેવારો આવી રહ્યા છે. આ તહેવારોની સર્વત્ર ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. આગામી સોમવારથી જયારે દિપાવલીના તહેવારોની ઉજવણી માટેનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે આવતીકાલનો રવિવારનો દિવસ જૂનાગઢવાસીઓ માટે ખૂબ જ મહત્વનો રહેશે અને આજથી જ લઈને ધૂમ ખરીદી વિવિધ વસ્તુઓની કરવામાં આવશે. આ ઉપરાંત આવતીકાલ સુધીમાં ઘર આંગણાના કામો પણ પુરા કરી લેવામાં આવશે અને સોમવારથી જ દિપાવલીના પર્વની ઉજવણીની શ્રૃંખલામાં જોડાઈ જશે અને ઘર આંગણે તહેવારો દરમ્યાન મીઠાઈ, ફરસાણના રોજેરોજ વાનગી બનાવી તેમજ વ્યવસાય સંકુલ અને રહેઠાંણ ઉપર પણ આકર્ષક રંગોળી, ઈલેકટ્રીક રોશની સાથે દિપમાળા પણ પ્રગટાવવામાં આવશે. દિપાવલીના પર્વનો હટકે ઉજવવા માટે ભારે ઉત્સાહ લોકોમાં જોવા મળી રહ્યો છે.

# કેશોદમાં પુત્રીઓને નોકરી અપાવી દેવાની લાલચ આપી મહિલા ઉપર બળાત્કાર

## કોઈને કહીશ તો જાનથી મારી નાખીશ, જેવી ધમકી આપવામાં આવી : એક મહિલા સહિત ત્રણ સામે પોલીસ ફરિયાદ

કેશોદ તા.૨૬

જૂનાગઢ જીલ્લાના કેશોદ શહેરમાં બનેલા એક બનાવમાં એક મહિલાની આર્થિક પરીસ્થિતિ નબળી હોય અને આ મહિલાને તેમની બે દિકરીઓને નોકરી અપાવી દેવાની લાલચ આપી અને તેની મરજી વિરૂધ્ધ બળાત્કાર ગુજારવામાં આવ્યો હોવાનો બનાવ બહાર આવતાં સનસનાટી મચી જવા પામી છે. આ બનાવ અંગે ભોગ બનનાર મહિલાની ફરિયાદના આધારે એક મહિલા સહિત બે શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે અને પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવ અંગે કેશોદ પોલીસે આપેલી વિગતો અનુસાર ગત તા.૧૮-૧૦-૨૦૨૪ ક.૧૧.૩૦ ના સમયગાળા બાદ તથા તે પહેલા કેશોદ બસ સ્ટેશન સામે આવેલી નરેન્દ્રભાઈ મનસુખભાઈ ઝાલાની ઓફિસમાં તથા ગોકુલનગર-૨ ની પાછળ પુજા સોસાયટીમાં આવેલા ફરિયાદીના રહેણાંક મકાનમાં બનેલા બનાવ અંગે ગઈકાલ તા.૨૫-૧૦-૨૦૨૪ ના ક.૨૩.૩૫ કલાકે ફરિયાદ નોંધાવામાં આવી છે. જેમાં ભોગ બનનાર મહિલાએ (૧) શ્રધ્ધાબેન રાહુલભાઈ ગોહેલ રહે.કેશોદ, (૨) નરેન્દ્રભાઈ મનસુખભાઈ ઝાલા રહે.કેશોદ (૩) રજનીકાંતભાઈ મોહનભાઈ વાછાણી રહે.જૂનાગઢ વાળા વિરૂધ્ધ નોંધાવેલી ફરિયાદમાં જણાવેલ છે કે, ફરિયાદી મહિલાની આર્થિક પરીસ્થિતિ નબળી હોય અને જેથી તેમની બન્ને દિકરીઓને નોકરીમાં લગાડી દેવા બાબતે આ કામના આરોપી શ્રધ્ધાબેન રાહુલભાઈ ગોહેલને મળી હતી. અને તેઓએ નરેન્દ્રભાઈ મનસુખભાઈ ઝાલા સાથે તેનો સંપર્ક કરાવ્યો હતો. અને બાદમાં તેણે આ મહિલાની દિકરીને નોકરી અપાવવાની લાલચ આપી અને ફરિયાદી મહિલા ઉપર તેની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. ત્યારબાદ ભોગ બનનાર મહિલાએ આ બનાવ અંગે શ્રધ્ધાબેન રાહુલભાઈ ગોહેલને તેમની સાથે જે ઘટના બની તે અંગે જણાવ્યું હતું. ત્યારે આરોપી નં.(૧) શ્રધ્ધાબેને ફરિયાદી મહિલાને જણાવ્યું હતું કે, કંઈક મેળવવું હોય તો કંઈક ગુમાવવું જ પડે. અને અમે પણ ઘણુબધું ગુમાવીને અહીં પહોંચ્યા છીએ. તેમ જણાવ્યું હતું. ત્યારબાદ આરોપી નં.(૩) રજનીકાંતભાઈ મોહનભાઈ વાછાણીએ પણ ફરિયાદી મહિલાની મરજી વિરૂધ્ધ તેની સાથે શરીર સંબંધ બાંધી અને બળાત્કાર ગુજારી અને બાદમાં આ મહિલાને કહ્યું હતું કે, તારામાં મને મજા નથી આવી અને હવે તારી દિકરીઓને મોકલજે અને આ વાત કોઈને કહી તો જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું આ ભોગ બનનાર મહિલાએ પોતાની ફરિયાદમાં ઉલ્લેખ કરેલ છે. આ ફરિયાદના આધારે પોલીસે આરોપીઓ વિરૂધ્ધ બીએનએસ ક.૬૪(૨)(એફ), ૬૧ (૨), ૩૫૧(૩) વિરૂધ્ધ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ કેશોદ પોલીસ સ્ટેશનના પી.આઈ. પી.એ. જાદવ ચલાવી રહ્યા છે.

# ગુરૂકુળની બેદરકારીના લીધે ૧૧ વર્ષના બાળકનું મૃત્યું થયાનો પરિવારજનોનો આક્ષેપ

## જૂનાગઢની જ્ઞાનબાગ શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરતા ધો.૬ના વિદ્યાર્થીનું મૃત્યું માટે કોણ જવાબદાર ? ભારે ચકચાર

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૬

જૂનાગઢમાં સાબલપુર ચોકડી નજીક આવેલા જ્ઞાનબાગ શૈક્ષણિક સંકુલમાં અભ્યાસ કરતા ધો.૬ના વિદ્યાર્થીનું શંકાસ્પદ મૃત્યું થતા ભારે ચકચાર જાગી ઉઠી છે અને આ બનાવ અંગે તાલુકા પોલીસ દ્વારા જીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી છે. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર, જૂનાગઢમાં સાબલપુર ચોકડી પાસે આવેલ જ્ઞાનબાગ ગુરૂકુળમાં અભ્યાસ કરતા રાજકોટ તાલુકાના કસ્તુરબા ધામ ત્રંબાના રહીશ ૧૩ વર્ષીય ઓમ અંકુરભાઈ સાંગાણીનું તા.૨૦ ઓક્ટોબર રવિવારના રોજ કોઈપણ બીમારી સબબ સબબ જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મૃત્યું નીપજ્યું હતું. આ ઘટનાથી વિદ્યાર્થીના પરિવારજનોમાં ગમગીની સાથે અરેરાટી વ્યાપી ગઈ હતી. બાળકના મોત અંગેની જાણ થતા તાલુકા પોલીસે હોસ્પિટલ પહોંચી મૃતદેહને પોસ્ટ મોર્ટમ મોકલી આપી મૃતકનાં પિતા અંકુરભાઈ ચંદુભાઈ સાંગાણીનું નિવેદન લઈ આગળની કાર્યવાહી કરી હતી. પોલીસે મરનાર સગીરનાં મોત પાછળનું ચોક્કસ કારણ મેળવવા માટે બાળકના શરિરને વિસેરા મેળવી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલ્યા હતા. જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ ડી.કે. સરવૈયાએ જણાવ્યું હતું કે, પોલીસ મૃતકે જૂન મહિનામાં જ્ઞાનબાગ ગુરૂકુળમાં ધોરણ ૬ના અભ્યાસ માટે એડમિશન મેળવ્યું હતું. પીએમ રિપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે. ઘટના સમયના અને તે પહેલાના સંસ્થાના ૨ દિવસનાં સીસીટીવી ફૂટેજ કરવામાં આવ્યા છે. જેના આધારે પ્રાથમિક તપાસમાં મૃતક સગીર ઘટનાના આગલા દિવસે અભ્યાસ કરતો જોવા મળ્યો હતો. બાળકના મોત અંગે બીએનએસની કલમ ૧૯૪ મુજબ કાર્યવાહી કરવામાં આવી છે અને તપાસ ચાલી રહી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટના ત્રંબા ગામના કસ્તુરબાધામમાં રહેતા અંકુરભાઈ ચંદુભાઈ સાંગણીનો ૧૧ વર્ષનો દિકરો ઓમ સાંગાણી જુન મહિનાથી જ્ઞાનબાગ ગુરૂકુળમાં ધો.૬માં અભ્યાસ કરવા માટે મુકવામાં આવ્યો હતો અને આ વિદ્યાર્થીની તા.૧૯ના રોજ અચાનક તબીયત લથડતા તા.૨૦ના રોજ તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવેલ પરંતુ ડોકટરે ઓમને મૃત જાહેર કર્યો હતો. દરમ્યાન મૃતકના પરિવારે એવો આક્ષેપ કર્યો છે કે, ગુરૂકુળની બેદરકારીના લીધે જ ઓમનું મૃત્યું થયાનો આક્ષેપ કરતા ભારે ચકચાર જાગી ઉઠી છે.

# ગુજરાત રાજયમાં ૮૬ મામલતદારોની બદલી ૧૦૮ નાયબ મામલતદારોને બઢતી

## માણાવદરના કે.જે. મારૂ જામનગર મુકાયા, વંથલીના એ.જે. ગોહીલ માતર ખેડા અને જૂનાગઢ ગ્રામ્યના લલીત ડાભી ખેરાલુ મુકાયા

જૂનાગઢ તા. ૨૬ :

રાજયના મહેસુલ વિભાગ દ્વારા ગઈકાલે ૮૬ મામલતદારોથી બદલી કરવામાં આવી છે. ૧૦૮ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે. જેમાં માણાવદરના કે. જે. મારૂ, પ્રોટોકલમાં જામનગર મૂકાયા છે. રાજકોટ શહેર પશ્ચિમના મહેશ શુકલ માણાવદર, સૂત્રાપાડાના એચ. એન. પરમાર માંગરોળ, જુનાગઢ, વંથલીના એ. જે. ગોહિલ માતર ખેડા, જુનાગઢ ગ્રામ્યના લલિત ડાભી ખેરાલું, માળીયા હાટીનાના જીગર પટેલ વડોદરા ગ્રામ્ય મામલતદાર તરીકે નિમણૂંક પામ્યા છે.

ઉપરાંત ૧૦૮ મામલતદારોને મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે. જેમાં ગિર સોમનાથના અજિતકુમાર જોષીને રાજકોટ શહેર પશ્ચિમ મામલતદાર તરીકે મૂકવામાં આવ્યા છે.


દિપાવલીની હાર્દિક શુભેચ્છા....
બીરજુભાઈ અગ્રવાલ મો. ૯૯૨૫૩ ૩૪૨૦૨
પીયુષ (સોનુ) અગ્રવાલ મો. ૯૯૦૯૪ ૬૦૯૧૨
મનીષ અગ્રવાલ
વ્રજ નોવેલ્ટી સ્ટોર
બંગડી, કટલેરી, હોઝીયરીનાં જથ્થાબંધ વેપારી
૧૦, ન્યુ રઘુનાથ ચેમ્બર્સ, હવેલી ગલી, માંગનાથ રોડ, જૂનાગઢ

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેકટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જયોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

ઉધઈ થી બચો
આપના મકાનમાં ઉધઈ માટે પ્રેસ્ટ કન્ટ્રોલ પધ્ધતિથી ઈન્જેકશનો દ્વારા કામ કરી આપીશું : ૧૦ વર્ષની ગેરંટી
સંજયભાઈ
મો.૯૯૭૮૭ ૧૦૧૫૦

શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?
ઓપરેશન કરાવતા પહેલા
આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ
૨૦ વર્ષનાં અનુભવી
કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો
(પચીસ રોગોની કાયાકલ્પ દવા)
હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે
(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)
મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ
(મું. વડાલ વાળા)

દિવાળીની હાર્દિક શુભેચ્છા...
હાર્દિકભાઈ કાચા મો. ૭૬૯૮૯ ૯૧૩૯૮
ચિંતનભાઈ કાચા મો. ૯૮૨૫૯ ૭૪૯૬૩
Since 1999
હાર્દિક ફાસ્ટફૂડ
Junagadh's Favorite Fast Food Shop
Time : 10:00 am to 11:00 pm
Order Online On SWIGGY
Order Online On ZOMATO
તળાવ દરવાજા, સંકલ્પ કોમ્પ્લેક્ષ, પેટ્રોલ પંપની સામે, જૂનાગઢ

દિવાળીની હાર્દિક શુભેચ્છા...
જયેશભાઈ - ૯૮૨૫૩ ૨૮૩૯૦
અભિષેક - ૯૪૨૬૭ ૧૬૬૦૧
દલાલ બ્રધર્સ
DALAL BROTHERS
OIL, SEEDS OIL CAKE, D.OD., CATELFEED & GENERAL BROKER
મહાલક્ષ્મી સ્ટ્રીટ દાણાપીઠ, જૂનાગઢ
ફોન : ૦૨૮૫ - ૨૬૨૦૩૯૦, ૨૬૨૭૩૯૦ ૨૬૫૦૩૯૦, ૨૬૫૭૩૯૦